# યશોજય સંસ્કૃત પ્રવેશિકા





આશીર્વાદ : પ.પૂ.સાહિત્યકલારત્ન સંઘસ્થવિર ગચ્છાધિપતિ આચાર્યદેવ
શ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજ સાહેબ

પ્રેરક : પૂ. મુનિપ્રવર શ્રી જયભદ્રવિજયજી મ.સાહેબ

સંયોજક : શ્રાદ્ધવર્યશ્રી પં.મહેશભાઈ એફ. શેઠ
મલાડ, મુંબઈ.



પ્રકાશક : જૈન સાહિત્યમંદિર
તલાટી રોડ, પાલીતાણા (સૌરાષ્ટ્ર)

**જેઓશ્રીના શુભ નામથી આ પુસ્તિકા પ્રકાશિત થઇ રહેલ છે,**
**તે પૂજ્યોના ચરણ કમલમાં વંદના....**

સંઘસ્થવિર ગચ્છાધિપતિ સુદીર્ઘસંયમપર્યાયી
પ.પૂ. સાહિત્ય કલારત્ન આચાર્ય સમ્રાટ્



**શ્રી વિજય યશોદેવ સૂરીશ્વરજી મ.સા.**

**नम्र सूचन**

इस ग्रन्थ के अभ्यास का कार्य पूर्ण होते ही नियत
समयावधि में शीघ्र वापस करने की कृपा करें.
जिससे अन्य वाचकगण इसका उपयोग कर सकें.

સેવાભાવી.... સરળસ્વભાવી....
ગુરૂજીના અંતેવાસી શિષ્યરત્ન



**મુનિરાજશ્રી જયભદ્ર વિજયજી મ.સાહેબ**

**જન્મ :** વિ.સં.૨૦૧૭ મહાવદ ૧૩.
તા. ૧૩-૨-૧૯૬૧
ડભોઇ, જી. વડોદરા, ગુજરાત.

**દીક્ષા :** વિ.સં.૨૦૩૪ માગશર સુદ - ૩,
શત્રુંજય મહાતીર્થ ગુજરાત

|| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ||

# યશોજય સંસ્કૃત પ્રવેશિકા


આશીર્વાદ : પ.પૂ.સાહિત્ય કલારત્ન સંઘસ્થવિર ગચ્છાધિપતિ આચાર્યદેવ
શ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજ સાહેબ

પ્રેરક : પૂ. મુનિપ્રવર શ્રી જયભદ્રવિજયજી મ.સાહેબ

સંયોજક : શ્રાદ્ધવર્ય પંડિતવર્યશ્રી મહેશભાઈ એફ. શેઠ
મલાડ, મુંબઈ.

પ્રાપ્તિસ્થાન : પં. મહેશભાઈ એફ. શેઠ
૧૩, જ્ઞાનમંદિર, જીતેન્દ્ર રોડ, મલાડ (ઇસ્ટ),
મુંબઈ – ૪૦૦ ૦૯૭. ફોન : ૨૮૭૭ ૯૧૫૩

જૈન સાહિત્યમંદિર
તલાટી રોડ, પાલીતાણા (સૌરાષ્ટ્ર)

પ્રકાશક : જૈન સાહિત્ય મંદિર
તલાટી રોડ, પાલીતાણા (સૌરાષ્ટ્ર)

મુદ્રક : પારસ પ્રિન્ટર્સ
૩, હરિસ્મૃતિ.ખાંડવાલા લેન, દફતરી રોડ,
મલાડ (ઇસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૯૭.
ફોન : ૨૮૮૦ ૧૬૪૭

મૂલ્ય : પઠન – પાઠન



*સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન.....*

# प्रास्ताविकम्

*विद्वत्वं च नृपत्वं च नैव तुल्यं कदाचन।*
*स्वदेशे पूज्यते राजा विद्वान् सर्वत्र पूज्यते॥*

આ પ્રસિદ્ધ શ્લોક છે અને એમાં કહેવામાં આવ્યું છે કે રાજા પોતાના દેશમાં પૂજાય છે. જ્યારે વિદ્વાન્ સર્વત્ર પૂજાય છે.

વિદ્વાન્ માણસોનો જ્યારે પરિચય થાય ત્યારે તેની વિદ્વત્તા જોઈને ઘણો આનંદ થાય અને તેને વિદ્વત્તા પ્રાપ્ત કરવા માટે કરેલી મહેનત દાદ માગી લે. વિદ્વત્તાપૂર્ણ વાણી સાંભળવાનું વારંવાર મન થાય. એની સાથેની વાતચીતમાં ઘણું ઘણું નવું જાણવા મળે. ઘણા ગ્રન્થોની વિશેષતાઓ જાણવા મળે, અને તે જાણી તેવા ગ્રન્થોનો અભ્યાસ કરવા માટે મન ઉત્સુક થાય.

જ્યારે જ્યારે વિદ્વાનો મળે ત્યારે ત્યારે જે આનંદ થાય તે અવર્ણનીય હોય. છે અને આવા વિદ્વાનો આપણા દેશમાં છે તે જાણીને ગૌરવ થાય. આપણા પૂજ્ય સાધુ, સાધ્વીજી ભગવંતાને ગામો ગામ, દેશો દેશ વિચરવાનું હોય છે, અને તે કારણે તેઓને પણ આવા વિદ્વાનોના પરિચયમાં આવવાનુ થતું હોય છે. જો આપણા તૈયાર થતાં પૂજ્ય સાધુ, સાધ્વીજી ભગવંતો પણ આવી રીતે તૈયાર થયા હોય તો આવી વ્યક્તિઓને મળવાથી તેમની સાથેની વાતચીતમાં તેઓને અનેરો આનંદ આવે.

સંસ્કૃત ભણવા માટે આપણે ત્યાં અનેક વ્યાકરણો છે. પરંતુ તેનો અભ્યાસ કરવા ક્યારેક વ્યાકરણ-વ્યાકરણ ન રહેતાં વ્યાધિકરણ બની જતું હોય અને વ્યાઘ્ર મુખી વ્યાકરણથી ડરીને વ્યાકરણનો અભ્યાસ કરવાનું છોડી દે છે. આ કાળના જીવોમાં પ્રમાદના આધિક્યપણાને લઈને તેઓ વ્યાકરણનો અભ્યાસ કરવાને બદલે કોઈ સરળ પદ્ધતિએ જો સંસ્કૃત શીખાય તો તે માર્ગ પંસદ કરે છે.

આવી વિચારસરણીને નજર સામે રાખીને પાણીનિ વ્યાકરણ અનુસાર સંસ્કૃત માર્ગોપદેશિકા અને મંદિરાંત પ્રવેશિકા આ નામની બે બુકો તૈયારી કરી પુનાથી ડો ભાંડારકરે બહાર પાડી અને એ બુકો ભાંડારકરની બે બુક તરીકે પ્રસિદ્ધ થઈ.

બહુલતાએ આપણા ઘણા પૂજ્ય સાધુ - સાધ્વીજી ભગવંતો એનો અભાસ કરતા હતા. સમય જતાં મહેસાણના પંડિતશ્રી શીવલાલભાઈએ પણ સરળ અને સુપાચ્ય એવી કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્ર સૂરીશ્વરજી મ.સા. અને સિદ્ધરાજ જયસિંહના સંયુક્ત નામ ધરાવતા શ્રી સિદ્ધહેમ શબ્દાનુ શાસનના અનુસારે હેમસંસ્કૃત પ્રવેશિકાના ત્રણ ભાગો તૈયાર કર્યા અને તે જૈન સમાજમાં ખૂબ ખૂબ પ્રચલિત અને પ્રસિદ્ધ થયા. વર્તમાન કાળમાં ઘણા પૂ. સાધૂ સાધ્વીજી ભગવંતો તે બુકોનો અભ્યાસ કરે છે.

ભાંડારકરની બે બુકો અને હૈમ સંસ્કૃત પ્રવેશિકાની ત્રણ બુકોનો અભ્યાસ કરતાં ઘણો સમય લાગતો હતો સંયમ જીવનમાં વિહારાદિના કારણે એક ક્ષેત્રમાં વધુ સમય સ્થિરતા કરવાનું બનતું ન હોવાથી તથા દરેક ક્ષેત્રમાં પંડિતાદિઓની પ્રાપ્તિ ન થવાથી ઘણી વખત બે-ત્રણ બૂકો પુરી કરવામાં ઘણો સમય નીકળી જાય અને તે કારણે પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો સંસ્કૃતના વાંચનમાં પ્રવેશી શકે નહિં

ઘણા વખતથી ઘણા પૂજય સાધુ-સાધ્વીજીની માંગ હતી કે એક જ ચાતુમાર્સમાં સંસ્કૃતનો સરળતાથી અભ્યાસ કરી શકાય એવી જો બૂક તૈયાર થાય તો કેવું સારું ! અને આ વિચારણાને અનુસાર શ્રાદ્ધવર્ય સુશ્રાવક શ્રી મહેશભાઈ પંડિતજીએ આ વાત મનમાં નિર્ધારીને આ. **યશોજય સંસ્કૃત પ્રવેશિકા**નું આયોજન કર્યુ છે. જેના અભ્યાસ દ્વારા આપણા પૂજય સાધુ સાધ્વીજી ભગવંતો સંસ્કૃત વાંચનમાં સરળતાથી અને ઝડપથી પ્રેવશી શકશે.

ફક્ત આ બૂકનો અભ્યાસ કરીને અટકી જવાનું નથી. પરંતુ વ્યાકરણ રૂપી ભવ્ય મંદિરમાં પ્રવેશ કરવા માટે તેમણે સતત ઉધમશીલ રહેવું જોઈશે. આ તો તેનુ ફક્ત પહેલું પગથીયું છે.

ઘણા વખતથી જાણવા મલ્યુ છે કે આપણા પૂજય સાધૂ સાધ્વીજી ભગવંતો અભ્યાસ કર્યા બાદ તેનુ પુનરાવર્તન નહી કરવાથી એક ઉક્તિ પ્રસિદ્ધ થઈ છે કે **આગે પાઠ પીછે સપાટ** આવું ન બને તેથી તેનું વારંવાર પુનરાર્વતન કરતાં રહેવું.

આપણા જૈન સમાજના વરિષ્ઠ આચાર્ય, સંઘસ્થવિર, સુદીર્ઘ સંયમ પર્યાયી પ.પૂ. સાહિત્ય કલારત્ન, આચાર્ય સમ્રાટ્ શ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મ.સા. આજે તેમની ૮૮ વરસની ઉમ્મરે પણ તેઓશ્રી નાની ઉમ્મરમાં કરેલા વ્યાકરણ, કાવ્યો, કોંશ, સાહિત્ય ગ્રન્થોના શ્લોકો જયારે બોલે છે ત્યારે આપણને આપણી સ્મરણશક્તિ માટે શરમ ઉપજે છે. સ્મરણ શક્તિને સતેજ રાખવી હોય તો તેનો વારંવાર અભ્યાસ અને પુનરાવર્તનની ખાસ જરૂર છે. આ લખાણ લખાતું હતુ ત્યારે જ પૂજય ગુરૂદેવે એક પ્રસિદ્ધ પદ અમને કહયું ત્યારે તેને અહીયાં નોંધવાનું અમે રોકી શકયા નહી.

**પાન સડે ઘોડા અડે, વિધા વિસરી જાય. અંગારે રોટી જલે, કહો ચેલા કયું થાય ?**

તેનો ફકત એટલો જ જવાબ છે કે તે "**ફેરવ્યા વિના**" પાનને ન ફેરવે તો, ઘોડાને ન ફેરવે તો, વિધાને ન ફેરવે (પુનરાવર્તન ન કરે)તો, તથા રોટલીને અંગારા ઉપર ન ફેરવે તો ઉપરોક્ત અવસ્થા પ્રાપ્ત થાય.

તમોએ જે અભ્યાસ કર્યો હોય તેને પણ વારંવાર ફેરવતા રહો, આપણી શાસ્ત્રીય ભાષામાં કહીયે તો સ્વાધ્યાય (સ્વ + અધ્યાય) કરતાં રહો, એવી શુભકામના... શુભભાવના સાથે.

**સવંત ૨૦૫૯** — **મુનિ જયભદ્રવિજય**

**શ્રા. વ. ૫.** — **વાલકેશ્વર**

## સંયોજકનું નિવેદન.....

॥ ધરણેન્દ્ર પદ્માવતી પરિપૂજિતાય શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

પૂજ્ય સાધુ–સાધ્વીજી ભગવંતો સંસ્કૃતનો અભ્યાસ ઝડપથી કરી સાહિત્ય વાંચનમાં જલદીથી પ્રવેશ કરી શકે... તથા ભણેલું સંસ્કૃત સહેલાઈથી યાદ કરી શકાય તે માટે આ પ્રયત્ન કર્યો છે. જિનશાસનનો શ્રુત સાગર અપરંપાર છે. અખૂટ અને અગાધ છે. તે સાગરને પાર પામવા સંસ્કૃત ભાષાની ખૂબ જ અગત્યતા છે. આજના કાળની નવી શિક્ષણ પદ્ધતિથી શિક્ષિત થયેલાં સાધુ–સાધ્વીજી કે જિજ્ઞાસુઓને વર્તમાન પદ્ધતિ બરાબર માફક આવતી નથી. તથા બે–ત્રણ વર્ષનો સમયગાળો માગી લે તે પણ અનુકૂળ નથી માટે નવી પદ્ધતિ અપનાવવી જરૂરી છે. કેટલાક આચાર્ય ભગવંતો તથા મારી પાસે ભણનાર સાધુ–સાધ્વીજી ભગવંતોની વારંવારની સૂચનાઓથી પ્રેરાઈને જ આ પ્રયાસ કર્યો છે... વાક્યો.. શબ્દો... રૂપો કે સાધનિકાઓ મૂકવા જતાં પુસ્તકનું કદ વધી જતું હતું. અને એની જરૂરત જણાતી નહોતી. કેમકે હૈમ સંસ્કૃત પ્રવેશિકાઓના ૩ ભાગો તો છે જ. તેને સાથે રાખીને ભણવાથી ખૂબ સરળ પડશે. મારા આ પ્રયાસને પૂજ્ય ગૂરૂભગવંતો પંડિતો તથા વિદ્વાનો આવકારશે એવી મને શ્રદ્ધા છે. ટુંક સમયમાં કે ચાતુર્માસના ચાર માસ દરમ્યાન સંસ્કૃત ભણી શકાશે. જો અધ્યાપકો કે પંડિતો સાધુ સાધ્વીજી ભગવંતોનું હિત જોઈને આ પુસ્તિકા દ્વારા ભણાવવાનું વિચારશે અને તદનુરૂપ પ્રયત્ન કરશે તો એમાં અવશ્ય સફળતા મળશે. પંડિતો કે અધ્યાપકો પૂ. સાધુ–સાધ્વીજી ભગવંતોની ભક્તિના શ્રુત ભક્તિના તથા અદ્‌ભૂત યશના ભાગીદાર બનશે. એમાં કોઈ શંકા નથી. હા પદ્ધતિ થોડી જુદી પડે છે. તેથી શરૂઆતમાં ઉતાવળ જેવું દેખાશે. પણ પદ્ધતિ ફાવી જશે. પછી ખૂબ મઝા આવશે. અને અનેક સાધુ–સાધ્વીજીઓના હાથમાં પ્રતનાં પાનાં જોવાનો એક અપૂર્વ અવસર જોવા મળશે. જેના દ્વારા રોજિંદા જીવનમાં તેમને ખૂબ આનંદ મળશે. પૂર્વ મહાપુરૂષો પ્રત્યેનો બહુમાન ભાવ પણ વધશે. અને અસમાધિભાવ દૂર થતાં સંકલેશો અને દેખાદેખીઓ બંધ થશે. પરિણામે આત્મલક્ષી જીવન સૌ જીવતાં થઈ જશે. આ અદ્‌ભૂત સિદ્ધિના યશના ભાગીદાર આપણે પણ થઈશું. આ રીતે જિનશાસનની ભક્તિ... જિનાગમની ભક્તિ, અને શ્રુતભક્તિનો લાભ લઈ સૌ જ્ઞાનારવણીય કર્મનાં બંધનો તોડી ક્ષાયોપશમિક ભાવની વૃદ્ધિ દ્વારા

કેવળજ્ઞાનની જ્યોતિ સુધી પહોંચીએ એ જ શુભ ભાવના સાથે.

સર્વે શિક્ષક બંધુઓને વિનંતિ કે Fast Life માં Fast Education ના આ યુગમાં આપણે પણ આપણી ભણાવવાની પદ્ધતિઓ હવે ચેઈન્જ કરવી પડશે. જો તેમ થશે તો Smart Brain વાળાં સાધુ – સાધ્વીજીઓ ઝડપથી ઘણાં જ આગળ વધી શકશે. અને શાસનની ઘણી ઘણી પ્રભાવના કરી શકશે. આ ચોપડીની સાથો સાથ શબ્દો વાક્યો બુકોમાંથી કરાવતા રહેવું. વાક્યો તથા સાધનિકાઓ ઉપર લક્ષ થોડું ઓછું કરીને વાંચનને પ્રાધાન્ય અપાશે તો સાધુ–સાધ્વીજી ભગવંતોને ખૂબ જ ઉપકારક બનશે. જેમને વ્યવસ્થિત ભણવું છે. સમયની અનુકૂળતા છે. વ્યાકરણાદિમાં આગળ વધવું છે. તેમને બૂકો દ્વારા વ્યવસ્થિત ભણાવવા. પણ જે કંટાળેલાં છે. કે જેને વાંચન જ કરવું છે. તેમને આ પુસ્તિકા પરથી કરાવવામાં આવે તો વાંચનમાં ગતિ સારી થશે. सुज्ञेसु किं बहुलम्..

આ પુસ્તિકા પ્રકાશન કરી રહેલ જૈન સાહિત્ય મંદિરના ટ્રસ્ટીઓ આશીર્વાદદાતા પૂ. ગુરૂભગવંતશ્રી સાહિત્ય કલારત્ન આચાર્યદેવશ્રી વિજય યશોદેવ સૂરીશ્વરજી મ.સા. ઉત્સાહવર્ધક પૂજ્ય મુનિપ્રવરશ્રી જયભદ્રવિજયજી તથા સુંદર અને આકર્ષક પ્રિન્ટીંગ ઝડપથી કરી આપનાર પારસ પ્રીન્ટર્સ વાળા કલ્યાણમિત્ર કલ્પેશભાઈ શાહનો આભારી છું.

અંતમાં આ પુસ્તિકામાં જે કાંઈ ત્રુટિઓ જણાય કે ક્ષતિઓ જણાય તેનું ધ્યાન દોરવા સહુ સુજ્ઞોને કરબદ્ધ વિનંતિ છે.

**પં. મહેશભાઈ એફ. શેઠ**
મલાડ – મુંબઈ

સં. ૨૦૫૯ શ્રા. વ. ૮
તા. ૨૧–૮–૨૦03



## ઉપકારીઓની ઋણ સ્મૃતિ

૧. અમારા સમસ્ત કુટુંબ ઉપર જેમનો અસીમ ઉપકાર છે એવા **ગુરૂદેવ ગચ્છાધિપતિ વિજય રામસૂરીશ્વરજી મહારાજા.**

૨. મહેસાણા યશોવિજયજી જૈન પાઠશાળામાં મને ભણવા મૂક્યો તેવા ઉપકારી **માતુશ્રી લીલાબેન** તથા **પિતાશ્રી ફોજાલાલ નરોત્તમદાસ શેઠ.**

૩. મહેસાણા ભણવા મૂકવાના પ્રેરણાદાતા ધર્મના સંસ્કાર અને સમ્યગ્જ્ઞાન દાતા એવા તે વખતના પાઠશાળના **સાહેબ રમણીકલાલ ભોગીલાલ મહેતા (વાવવાળા)**

૪. માતૃસંસ્થા **યશોવિજયજી જૈન પાઠશાળા** મહેસાણા... જેના ખોળે આઠ-આઠ વર્ષ રહીને સંસ્કૃત-પ્રાકૃત-ધાર્મિક વગેરે અભ્યાસ કર્યો..

૫. માતૃ સંસ્થાના વહીવટવદારો ચીમનભાઈ વકીલ તથા બાબુભાઈ જે. શાહ, ડૉ. મફતભાઈ, ડૉ. સુરેશભાઈ આદિ જેઓએ મને પુત્રવત્ વાત્સલ્ય આપ્યું....

૬. કોર્સનો અભ્યાસ પૂર્ણ થતાં કમ્મપ્પયડી વ્યાકરણ. ન્યાયાદિ ભણાવનાર સ્કોલરશીપ આપનાર શાસન રત્ન **શેઠશ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈ શાહ**

૭. માતૃ સંસ્થામાં જ્ઞાન પ્રદાન કરનાર પં. શ્રી રતિલાલ ચીમનલાલ દોશી... શાંતિલાલ સોમચંદ મહેતા તથા અથથી ઈતિ સુધીનો સંપૂર્ણ અભ્યાસ લાગણીથી કરાવનાર પરમોપકારી વિદ્યાગુરૂ શ્રી વસંતભાઈ નરોત્તમદાસ શાહ. કમ્મપયડીનો અભ્યાસ કરાવનાર ગુરૂવર્યશ્રી પુખરાજજી સાહેબ.

૮. મુંબઈમાં મુક્તાવલિના અભ્યાસના પ્રેરણાદાતા ગચ્છાધિપતિ **શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મ.સા., પં. મુક્તિવલ્લભ વિજયજી ગણિ, મુનિવર્યશ્રી મેઘવલ્લભ વિજયજી, મુનિવર્યશ્રી ઉધ્યવલ્લભ વિજયજી તથા વાચના દાતા મુનિવર્યશ્રી હૃદયવલ્લભ વિજયજી મ.સા....**

૯. જેઓએ રચેલ હૈમ સંસ્કૃત પ્રવેશિકાના ત્રણ ભાગોના જ્ઞાન દ્વારા અને એનાજ માધ્યમથી આ સંક્ષિપ્ત પુસ્તિકા તેયાર કરેલ છે તેવા પંડિયવર્યશ્રી શીવલાલભાઈ નેમચંદ શાહ.

૧૦. અધ્યયન કાળ દરમ્યાન સતત પ્રેરણા આપનાર અને આગળ વધારવામાં પ્રોત્સાહક વડીલ બંધુ શ્રી દલસુખભાઈ એફ. શેઠ.

૧૧. આ પુસ્તિકા તૈયાર કરતાં સતત સહકાર આપનાર ધર્મપત્ની ઉર્મિલા તથા સુપુત્રો નીરવ ધવલ - સુપુત્રી શીતલ..

સહુના યોગદાનને બીરદાવતાં યત્કિંચિત્ ઋણ અદા કરી આનંદ અનુભવું છું.

❑ **મહેશભાઈ પંડીત**

# સાદર સમર્પણ

આસન્ન ઉપકારી ભગવાન શ્રી મહાવીર સ્વામીજીની ૭૮મી પાટ ઉપર બિરાજમાન અને તપાગચ્છાધિરાજ શ્રી મૂલચંદજી (મુક્તિવિજયજી) મ.સા.ની પટ્ટપરંપરામાં થયેલ પ.પૂ.આ.શ્રી કમલ સૂરીશ્વરજી મ.સા.ના પટ્ટાલંકાર તત્ત્વજ્ઞાન નિધાન પ.પૂ.આ.શ્રી મોહનસૂરીશ્વરજી મ.સા.ના પટ્ટપ્રભાવક પ.પૂ.આ.શ્રી વિજય પ્રતાપસૂરીશ્વરજી મ.સા.ના પટ્ટાલંકાર મુંબઈ મહાનગરીને જિન મંદિર આદિ ધર્મ સ્થાનોથી સુશોભિત કરનાર પ.પૂ.યુગદિવાકર આચાર્યશ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ.સા.ના પટ્ટાલંકાર આપણા સૌના મહાન ઉપકારી, વાલકેશ્વર શ્રી બાબુ અમીચંદ પનાલાલ આદીશ્વરજી જૈન દેરાસરની શતાબ્દી મહોત્સવના નિશ્રાદાતા સંઘસ્થવિર, સુદીર્ઘસંયમપર્યાયી, ગચ્છાધિપતિ પ.પૂ.સાહિત્યકલારત્ન આચાર્યસમ્રાટ્ શ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મ.સા.ના ચરણકમલમાં સાદર વંદના સહ સમર્પણ...

# વિષય દર્શન

## વિભાગ ૧


૧. સ્વર વ્યંજન તથા તેની સંજ્ઞાઓ ........ ૧
૨. સ્વર વિસર્ગ અને વ્યંજન સંધિઓ ........ ૨
૩. ધાતુનાં ૪ ગણનાં ૪ કાળનાં રૂપો ........ ૪
૪. કર્મણિ ભાવે વિધાન ........ ૯
૫. વિભક્તિ પ્રકરણ તથા સ્વરાંત વ્યંજનાંત, સર્વનામનાં રૂપો ........ ૯
૬. કૃદન્ત, તદ્ધિત તથા પ્રકીર્ણક ........ ૧૭


## વિભાગ ૨


૭. ઇત્ પ્રકરણ તથા ચાર ગણોમાં વિશેષ ........ ૨૦
૮. સ્વરાંત તથા વ્યંજનાંત ધાતુઓના વિશેષ નિયમો ........ ૨૨
૯. બાકીના ૬ ગણો ........ ૨૪
૧૦. કર્મણિ ભાવેના વિશેષ નિયમો ........ ૨૯
૧૧. ગણ કાર્ય રહિત કાળો, સેટ્ આદિની વ્યવસ્થા ........ ૩૦
૧૨. શ્વસ્તની ભવિષ્યન્તી ક્રિયાતિપત્તિ ........ ૩૨
૧૩. પરોક્ષા અદ્યતની આશીઃ ........ ૩૪
૧૪ સન્નન્ત ણિગન્ત ........ ૪૧
૧૫. શબ્દોનાં વિશેષ રૂપો તથા ક્વિબન્ત ........ ૪૫
૧૬. સમાસ ........ ૫૦
૧૭. સંખ્યાવાચક ........ ૫૯


## વિભાગ ૩


૧૮. સૌત્રાદિ ધાતુઓ ........ ૬૨
૧૯ નામ ધાતુઓ ........ ૬૩
૨૦ યઙન્ત યઙલુબન્ત ........ ૬૫
૨૧ નમ્ ધાતુના રૂપો ........ ૬૮
૨૨ ઉપયોગી શ્લોકો ........ ૭૧


## ❀ *વિશેષ કથન* ❀

આ પુસ્તિકાના આધારે વ્યાકરણની સાથોસાથ શબ્દો અને વાક્યો બૂકોમાંથી કરતા જવું. સંસ્કૃતની જૂની કે નવી બૂકો સાથે રાખવાથી થોડા સમયમાં જ સારી રીતે સંસ્કૃત ભણીને તૈયાર થઈ જવાશે. કૃદન્ત સમાસ કે તદ્ધિતનો ડર રાખ્યા વગર વાંચનમાં પ્રવેશ કરી દેવો... વાંચતાં વાંચતાં બધું સમજાઈ જાય અને પાકું પણ થઈ જાય.

જેમ જેમ વાંચનના સંસ્કારો પડશે તેમ તેમ વાંચનમાં ગતિ સારી થતી જશે. તેથી સહેજ પણ ક્ષોભ રાખ્યા વગર સાહિત્યના ગદ્ય-પદ્ય વાંચનમાં આગળ વધતા રહેવું અને સંસ્કૃત સાહિત્યના વાંચનનો રસાસ્વાદ માણતા રહેવું. હિમ્મત હારવી નહિ.

॥ ॐ ह्रीँ अर्हं નમઃ ॥
॥ શ્રી ધરણેન્દ્ર-પદ્માવતી-પરિપૂજિતાય શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
॥ અનંત લબ્ધિ-નિધાનાય શ્રી ગૌતમસ્વામિને નમઃ ॥

# યશોજય સંસ્કૃત પ્રવેશિકા

## વિભાગ - ૧

### ૧. વર્ણો તથા તેની સંજ્ઞાઓ

કોઈપણ ભાષાને શીખવા માટે સૌ પ્રથમ તેને લખતાં વાંચતાં શીખવું જરૂરી છે. સંસ્કૃત ભાષા શીખવા માટે પણ તેનું અક્ષરજ્ઞાન મેળવવું જરૂરી છે. તેથી સૌ પ્રથમ અક્ષરજ્ઞાન જાણીએ...

**અક્ષરો બે પ્રકારના છે - સ્વર અને વ્યંજન**

**સ્વરો** : अ आ इ ई उ ऊ ऋ ॠ ऌ ॡ ए ऐ ओ औ = ૧૪

**વ્યંજનો** : क् ख् ग् घ् ङ्, च् छ् ज् झ् ञ्, ट् ठ् ड् ढ् ण्, त् थ् द् ध् न्, प् फ् ब् भ् म्, य् र् ल् व्, श् ष् स् ह् = ૩૩

આ સ્વર વ્યંજનોની સંધિઓ વગેરેના નિયમો સરળતાથી બતાવી શકાય તે માટે ઉપયોગી થોડી સંજ્ઞાઓ આપવામાં આવી છે.

**સ્વરોની સંજ્ઞાઓ**

૧. હ્રસ્વ : ટુંકા બોલાય તે. अ इ उ ऋ ऌ = ૫
૨. દીર્ઘ : લંબાવીને બોલાય તે. आ ई ऊ ॠ ॡ ए ऐ ओ औ = ૮
૩. સન્ધ્યક્ષર : ए ऐ ओ औ = ૪
૪. સમાન : अ आ, इ ई, उ ऊ, ऋ ॠ, ऌ ॡ, = ૧૦
૫. નામિ : इ ई, उ ऊ, ऋ ॠ, ऌ ॡ, ए ऐ, ओ औ = ૧૨

**વ્યંજનોની સંજ્ઞાઓ**

૧. અંતસ્થા : य् र् ल् व् = ૪
૨. શિટ્ : श् ष् स् = ૩
૩. ધુટ્ : વર્ગીય પાંચમો તથા અંતસ્થા વિનાના = ૨૪
૪. અઘોષ : વર્ગીય પ્રથમ દ્વિતીય તથા શિટ્ = ૧૩
૫. ઘોષવાન્ : અઘોષ સિવાયના = ૨૦

## २. संधि प्रकरण

- स्वरो के व्यंजनो पासे पासे आवे तो એક બીજામાં મળી જાય જેને સંધિ કહેવાય.
- વ્યંજનો હંમેશાં અર્ધા જ હોય, તેની પછી જો સ્વર આવે તો તે આગળના વ્યંજનમાં મળી જાય... જેમ तद् + एव = तदेव ।
- પદને અંતે र् કે स् હોય તેનો (ઃ) વિસર્ગ થાય. प्राप्तः, बालः ।
- પદાન્ત म् પછી વ્યંજન આવે તો म् નો અનુસ્વર થાય અથવા પાછળના વ્યંજનનો સ્વ અનુનાસિક થાય. ग्रामं गच्छति, ग्रामङ्गच्छति ।

## સ્વર સંધિ :

૧. સમાન + સ્વ સમાન સ્વ દિર્ઘ

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| अ+अ | | इ + इ | | उ + उ | | ऋ + ऋ | |
| अ+आ | = आ अनंतानन्त जिनालय | इ + ई | = ई मुनीश्वर हरीच्छा | उ + ऊ | = ऊ भानूदय साधूत्कर्ष | ऋ + ॠ | = ॠ पितॄषि |
| आ+अ | | ई + इ | | ऊ + उ | | ॠ + ऋ | |
| आ+आ | | ई + ई | | ऊ + ऊ | | ॠ + ॠ | |

| | | | | |
|---|---|---|---|---|
| २. | अ वर्ण + इ वर्ण | બન્ને મળીને | ए. | परमेश्वर महेश्वर |
| | " + उ वर्ण | " " | ओ. | सूर्योदय आत्मोन्नति |
| | " + ऋ वर्ण | " " | अर्. | राजर्षि महर्षि |
| | " + ए के ऐ | " " | ऐ | भरतैरावत |
| | " + ओ के औ | " " | औ | सर्वौषधि |

3. ए ऐ ओ औ + કોઈપણ સ્વર = અનુક્રમે अय् आय् अव् અને आव्
वन्दे आदीश्वरम् - वन्दयादीश्वरम्

४. इ उ ऋ વર્ણ + અસ્વ સ્વર = અનુક્રમે य् व् र्
अत्यन्त, भान्वस्त, पित्राज्ञा

૫. ए કે ओ + अ = अ नो ऽ (અવગ્રહ) देवोऽनेक

૬. દ્વિવચનાંત ई ऊ કે ए પછી સ્વર આવે તો સંધિ ન થાય
मुनी अत्र, वन्देते इमम् ।

## વિસર્ગ સંધિ

૧. अ + : + अ = વિસર્ગનો उ. रामः अर्चति, रामो अर्चति ।

૨. अ + : + ઘોષ = વિસર્ગનો उ. रामः जयति, रामो जयति ।

૩. अ + : + કોઈપણ સ્વર (अ સિવાયનો) = વિસર્ગનો લોપ. પાસે આવેલા સ્વરોની સંધિ નહિ.

૪. आ + : + ઘોષ = વિસર્ગનો લોપ, बाला : गच्छन्ति, बाला गच्छन्ति

૫. आ + : કોઈપણ સ્વર = વિસર્ગનો લોપ. પાસે આવેલા સ્વરોની સંધિ નહિ .

श्रावका : अर्चन्ति, श्रावका अर्चन्ति

ઉપરોક્ત સંધીઓમાં વિસર્ગ स् નો જ હોવો જોઈએ. प्रातर् વગેરેની જેમ र् નો ન ચાલે.

૬. : + च् छ् = વિસર્ગનો श्. बालः चलति, बालश्चलति
ट् ठ् = " ष्. बालः टीकते, बालष्टीकते
त् थ् = " स्. बालः तिष्ठति, बालस्तिष्ठति

૭. : + श् ष् स् = " અનુક્રમે श् ष् स् વિકલ્પે....
बालः शाम्यति, बालश्शाम्यति

## વ્યંજન સંધિ :

૧. પદાન્તે ધુટ્ = સ્વ વર્ગનો ત્રીજો.. जगत् वन्द्यः, जगद्वन्द्यः

૨. ધુટ્ + અઘોષ = ધુટ્ નો સ્વ વર્ગનો પહેલો जगद् पूज्य, जगत्पूज्य

૩. વિરામ હોય તો " પહેલો અને ત્રીજો मरूत्, द्

૪. કોઈપણ વર્ગનો 3 જો + ગમે તે વર્ગનો પાંચમો = સ્વ વર્ગનો વિકલ્પે પાંચમો. जगद् मङ्गल = जगन्मङ्गल, जगद्मंग्ल. પણ જો પ્રત્યય સંબંધી પાંચમો હોય તો નિત્ય પાંચમો. तद् मय = तन्मय

૫. દન્ત્ય + તાલવ્ય
તાલવ્ય + દન્ત્ય = દન્ત્યના સ્થાને તેટલામોજ તાલવ્ય. धर्माज्जयति

૬. દન્ત્ય + મૂર્ધન્ય
મૂર્ધન્ય + દન્ત્ય = " " " મુર્ધન્ય. अपश्यड्डिम्भम्

૭. દન્ત્ય + લ् = દન્ત્યના સ્થાને ल्, न् સ્થાને लँ. वृक्षाल्लता

८. वर्गीय 3 जो + ह् = ह् ना स्थाने त्रीजा पछीनो व्यंजन. वाग् हीनः = वाग्घीनः

९. प्रथम अक्षर + श् = श् नो विकल्पे छ्.   तत् श्रुत्वा = तच्छ्रुत्वा

१० र् + र् = पूर्व र् नो लोप, आगळनो स्वर दीर्घ. इन्दुः राजते इन्दू राजते

११ ढ् + ढ् = " ढ् " " " मुढ् + ढ= मूढः

१२ पदान्त न् + च् छ्, ट् ठ्, त् थ् = न् ना स्थाने अनुक्रमे श् ष् स् आगळनो स्वर अनुनासिक अथवा अनुस्वार बिडालान् ताडयति बिडालाँस्ताडयति के बिडालांस्ताडयति

१३ अ वर्ण + व् के य् + स्वर = व् य् नो विकल्पे लोप, संधि नहि.
वन्दे आदीश्वरम् = वन्दय् आदीश्वरम्, वन्द आदीश्वरम्

१४ ह्रस्व स्वर + ङ ण् के न् + स्वर = ङ् ण् न् = बेवडाय
तस्मिन् उद्याने = तस्मिन्नुद्याने ।

१५ स्वर पछी छ् बेवडाय पण दीर्घ स्वर पछी विकल्पे, तरु छाया = तरुच्छाया कन्या छत्रम्, कन्याच्छत्रम्, पण आ उपसर्ग तथा मा अव्ययमां नियमा थाय. आच्छाया, माच्छिदत्

## ३. शब्द प्रकरण

- संस्कृतमां वपराता शब्दो बे प्रकारना छे. धातु अने शब्दो.
- हरवुं फरवुं दोडवुं खावुं पीवुं भणवुं वगेरे क्रियादर्शक शब्दोने धातु कहेवाय.
- द्रव्यवाचक, गुणवाचक, संख्यावाचक, समुहवाचक, कोईनां नामो वगेरे शब्दो कहेवाय.
- धातु अने शब्दोनां विविध प्रकारे रूपाख्यानो थाय.
- धातुनां रूपो जुदा जुदा विकरण प्रत्ययो लागीने थतां होवाथी तेना १० विभाग पाडवामां आव्या छे. जेने गण तरीके ओळखाय छे.
- प्रत्येक गणमां परस्मैपद आत्मनेपद उभयपद एम त्रण त्रण प्रकार छे.
- काळना भेदे वर्तमाना ह्यस्तनी वगेरे १० प्रकारो छे.
- वळी ते दरेक कर्तरि अने कर्मणिः एम बब्बे प्रकारे छे.
- दरेक काळमां 3-3 पुरुष अने 3-3 वचन होय छे.
- धातुना रूपोमां सौ प्रथम १-४-६-१० मो गण अने वर्तमाना ह्यस्तनी विध्यर्थ (सप्तमी) आज्ञार्थ (पंचमी) आ चार काळनां रूपो बतावाय छे.

## ધાતુનાં રૂપો :

૧. વર્તમાના – ચાલુ ક્રિયા બતાવે. તે જાય છે હું ભણુ છું, વગેરે વગરે ...

૨. હ્યસ્તની – થઈ ગયેલી ક્રિયા બતાવે. તે ગયો , હું ભણ્યો " "

૩. વિધ્યર્થ – ઉપદેશાત્મક ક્રિયા બતાવે મારે સંસ્કૃત ભણવું જોઈએ વગેર વગરે

૪. આજ્ઞાર્થ – આજ્ઞા, અનુજ્ઞા અવસરનો ખ્યાલ વગેરે અર્થ બતાવે.

તમે ધર્મ કરો, હું વ્યાકરણ ભણું ? વગેર વગેરે...

**ધાતુ + વિકરણ પ્રત્યય + પુરૂષબોધક પ્રત્યય = રૂપ**

***ગણ – તેના વિકરણ પ્રત્યયો અને થતા ફેરફારો...***

| ગણ | વિકરણ | વિશેષ |
|---|---|---|
| ૧ | अ | ગુણ થાય |
| ૪ | य | ગુણ ન થાય |
| ૬ | अ | " |
| ૧૦ | इ+अ<br>अय | ગુણ વૃદ્ધિ<br>થાય |

| સ્વર | अ | इ વર્ણ | उ વર્ણ | ऋ વર્ણ |
|---|---|---|---|---|
| ગુણ | · | ए | ओ | अर् |
| વૃદ્ધિ | आ | ऐ | औ | आर् |

| | ઉપાન્ત્ય | અન્ત્ય |
|---|---|---|
| ગુણ | હ્રસ્વ નામિ | હ્રસ્વ કે દીર્ઘ નામિ |
| વૃદ્ધિ | अ | " |

*૧૦માં ગણમાં ઉપાન્ત્ય હ્રસ્વનો ગુણ,*
*અન્ત્યમાં હ્રસ્વ – દીર્ઘની વૃદ્ધિ.*

## પુરૂષબોધક પ્રત્યયો તથા ફેરફાર

| કાળ | પરસ્મૈપદ | આત્મનેપદ | વિશેષ |
|---|---|---|---|
| વર્તમાના | मि वः मः<br>सि थः थ<br>ति तः अन्ति | ए वहे महे<br>से इथे ध्वे<br>ते इते अन्ते | ૧. वादि मादि પ્રત્યયોમાં अ નો आ नमामि नमावः<br>૨. अ કે ए થી શરૂ થતા પ્રત્યયોમાં अ નો લોપ. नमन्ति वन्दे अनमम् |
| હ્યસ્તની | अम् व म<br>स् तम् त<br>त् ताम् अन् | इ वहि महि<br>थाः इथाम् ध्वम्<br>त इताम् अन्त | ૧. તૈયાર થયેલા રૂપની પૂર્વે अ મૂકાય अभवम्<br>૨. સ્વરાદિ ધાતુમાં આદિ સ્વરની વૃદ્ધિ થાય. ऐच्छम्<br>૩. ઉપસર્ગ હોય તો ફેરફાર કરીને ઉપસર્ગ જોડવો. नि अविशत् न्यविशत् |
| વિધ્યર્થ | इयम् इव इम<br>इः इतम् इत<br>इत् इताम् इयुः | ईय ईवहि ईमहि<br>ईथाः ईयाथाम् ईध्वम्<br>ईत ईयाताम् ईरन् | વિધિ, સંપ્રશ્ન, પ્રાર્થન અર્થમાં તથા જો અને તો વાળા વાક્યના ભવિષ્યમાં પણ આ કાળ વપરાય. |
| પંચમી | आनि आव आम<br>० तम् त<br>तु ताम् अन्तु | ऐ आवहै आमहै<br>स्व इथाम् ध्वम्<br>ताम् इताम् अन्ताम् | ०. અને તુ ના સ્થાને तात् પ્રત્યય પણ વપરાય. नम, नमतात् |

- ઉભયપદ ધાતુઓને બન્ને પ્રકારના પ્રત્યયો લાગે... બન્ને રીતે રૂપો થાય..
- દશમા ગણના कथ् गण् रच् स्पृह् मृग् વગેરે ધાતુઓમાં ગુણ વૃદ્ધિ થતા નથી.
- વિકરણ લાગતાં કેટલાક ધાતુઓમાં આદેશ થાય, જે કૌંસમાં બાતવેલા હોય છે.
- अस् ધાતુ ગણ ૨ નાં રૂપો આગળ વિભાગ ૨ માં બતાવાશે પણ જરૂરી હોવાથી અહીં બતાવ્યાં છે.

| વર્તમાના | | | વિધ્યર્થ – સપ્તમી | | |
|---|---|---|---|---|---|
| अस्मि | स्वः | स्मः | स्याम् | स्याव | स्याम |
| असि | स्थः | स्थ | स्याः | स्यातम् | स्यात |
| अस्ति | स्तः | सन्ति | स्यात् | स्याताम् | स्यु : |

| હ્યસ્તની | | | આજ્ઞાર્થ – પંચમી | | |
|---|---|---|---|---|---|
| आसम् | आस्व | आस्म | असानि | असाव | असाम |
| आसी; | आस्तम् | आस्त | एधि | स्तम् | स्त |
| आसीत् | आस्ताम् | आसन् | अस्तु | स्ताम् | सन्तु |

## ચારેય ગણના એક એક ધાતુનાં ચારેય કાળનાં રૂપો

### भू ગણ – १

| | | |
|---|---|---|
| भवामि | भवावः | भवामः |
| भवसि | भवथः | भवथ |
| भवति | भवतः | भवन्ति |
| अभवम् | अभवाव | अभवाम |
| अभवः | अभवतम् | अभवत |
| अभवत् | अभवताम् | अभवन् |
| भवेयम् | भवेव | भवेम |
| भवे : | भवेतम् | भवेत |
| भवेत् | भवेताम् | भवेयु : |
| भवानि | भवाव | भवाम |
| भव | भवतम् | भवत |
| भवतु | भवताम् | भवन्तु |

### नश् ગણ – ४

| | | |
|---|---|---|
| नश्यामि | नश्यावः | नश्यामः |
| नश्यसि | नश्यथः | नश्यथ |
| नश्यति | नश्यतः | नश्यन्ति |
| अनश्यम् | अनश्याव | अनश्याम |
| अनश्यः | अनश्यतम् | अनश्यन् |
| अनश्यत् | अनश्यताम् | अनश्यन् |
| नश्येयम् | नश्येव | नश्येम |
| नश्येः | नश्येतम् | नश्येत |
| नश्येत् | नश्येताम् | नश्येयुः |
| नश्यानि | नश्याव | नश्याम |
| नश्य | नश्यतम् | नश्यत |
| नश्यतु | नश्यताम् | नश्यन्तु |

### लिरव ગણ – ६

| | | |
|---|---|---|
| लिरवामि | लिरवावः | लिरवामः |
| लिरवसि | लिवरथः | लिरवथ |
| लिरवति | लिरवतः | लिरवन्ति |

ઈત્યાદિ भू પ્રમાણે...

### चुर् ગણ – १०

| | | |
|---|---|---|
| चोरयामि | चोरयावः | चोरयामः |
| चोरयसि | चोरययथः | चोरयथ |
| चोरयति | चोरयतः | चोरयन्ति |
| अचोरयम् | अचोरयाव | अचोरयाम |
| अचोरयः | अचोरयतम् | अचोरयत |
| अचोरयत् | अचोरयताम् | अचोरयन् |
| चोरयेयम् | चोरयेव | चोरयेम |
| चोरयेः | चोरयेतम् | चोरयेत |
| चोरयेत् | चोरयेताम् | चोरयेयुः |
| चोरयानि | चोरयाव | चोरयाम |
| चोरय | चोरयतम् | चोरयत |
| चोरयतु | चोरयताम् | चोरयन्तु |

## આત્મનેપદ

### वन्द् ગણ – १

| | | | |
|---|---|---|---|
| વર્ત. | वन्दे | वन्दावहे | वन्दामहे |
| | वन्दसे | वन्देथे | वन्दध्वे |
| | वन्दते | वन्देते | वन्दन्ते |
| હ્ય. | अवन्दे | अवन्दावहि | अवन्दामहि |
| | अवन्दथाः | अवन्देथाम् | अवन्दध्वम् |
| | अवन्दत | अवन्देताम् | अवन्दन्ताम् |
| વિ. | वन्देय | वन्देवहि | वन्देमहि |
| | वन्देथाः | वन्देयाथाम् | वन्देध्वम् |
| | वन्देत | वन्देयाताम् | वन्देरन् |
| આ. | वन्दै | वन्दावहै | वन्दामहै |
| | वन्दस्व | वन्देथाम् | वन्दध्वम् |
| | वन्दताम् | वन्देताम् | वन्दन्ताम् |

### लस्ज् ગણ – ६

| | | |
|---|---|---|
| लज्जे | लज्जावहे | लज्जामहे |
| लज्जसे | लज्जेथे | लज्जध्वे |
| लज्जते | लज्जेते | लज्जन्ते |
| अलज्जे | अलज्जावहि | अलज्जमहि |
| अलज्जथाः | अलज्जेथाम् | अलज्जध्वम् |
| अलज्जत | अलज्जेताम् | अलज्जन्त |
| लज्जेय | लज्जेवहि | लज्जेमहि |
| लज्जेथाः | लज्जेयाथाम् | लज्जेध्वम् |
| लज्जेत | लज्जेयाताम् | लज्जेरन् |
| लज्जै | लज्जावहै | लज्जामहै |
| लज्जस्व | लज्जेथाम् | लज्जध्वम् |
| लज्जताम् | लज्जेताम् | लज्जन्ताम् |

### पद् ગણ – ४

| | | |
|---|---|---|
| पद्ये | पद्यावहे | पद्यामहे |
| पद्यसे | पद्येथे | पद्यध्वे |
| पद्यते | पद्येते | पद्यन्ते |
| अपद्ये | अपद्यावाहि | अपद्यामहि |
| अपद्यथाः | अपद्येथाम् | अपद्यध्वम् |
| अपद्यत | अपद्येताम् | अपद्यन्त |
| पद्येय | पद्येवहि | पद्येमहि |
| पद्येथाः | पद्येयाथाम् | पद्येध्वम् |
| पद्येत | पद्येयाताम् | पद्येरन् |
| पद्यै | पद्यामहै | पद्यामहै |
| पद्यस्व | पद्येथाम् | पद्यध्वम् |
| पद्यताम् | पद्येयाताम् | पद्यन्ताम् |

### लल् ગણ – १०

| | | |
|---|---|---|
| लालये | लालयावहे | लालयामहे |
| लालयसे | लालयेथे | लालयध्वे |
| लालयते | लालयेते | लालयन्ते |
| अलालये | अलालयावहि | अलालयामहि |
| अलालयथाः | अलालयेथाम् | अलालयध्वम् |
| अलालयत | अलालयेताम् | अलालयन्त |
| लालयेय | लालयेवहि | लालयेमहि |
| लालयेथाः | लालयेयाथाम् | लालयेध्वम् |
| लालयेत | लालयेयाताम् | लालयेरन् |
| लालयै | लालयावहै | लालयाहै |
| लालयस्व | लालयेथाम् | लालयध्वम् |
| लालयताम् | लालयेताम् | लालयन्ताम् |

## ઉપસર્ગ :

उपसर्गेण धात्वर्थो बलादन्यत्र नीयते ।
प्रहार, आहार, संहार, विहार, परिहारवत् ॥

प्र परा अप सम् अनु अव निस् निर् दुस् दुर्, वि आ. नि प्रति
परि उप अधि अपि सु उद् अति अभि = २२

- આ ઉપસર્ગો ધાતુનાં રૂપોની આગળ મૂકાય... आगच्छति
- ઉપસર્ગો લાગતાં ક્યારેક ધાતુના અર્થ બદલાય. ક્યારેક પદ બદલાય. ક્યારેક કોઈ જ ફેરફાર ન થાય. ક્યારેક વિશેષ અર્થ પણ બતાવે... જે ધાતુ સાથે બાતવેલ હોય છે.

## કર્મણિ - ભાવે વિધાન

- કર્તાની મુખ્યતા હોય ત્યાં કર્તરિ પ્રયોગ થાય. કર્મની મુખ્યતા હોય ત્યાં કર્મણિ પ્રયોગ થાય. ક્રિયાની મુખ્યતા હોય ત્યાં ભાવે પ્રયોગ થાય...
- કર્તરિ પ્રયોગમાં ક્રિયાપદ કર્તાના આધારે મૂકાય. કર્મણિ પ્રયોગમાં કર્મના આધારે અને ભાવે પ્રયોગમાં ક્રિયાની મુખ્યતા ગણીને ૩.પુ. એ.વ. માં મુકાય.
- કર્તરિ પ્રયોગમાં કર્તાને પ્રથમા અને કર્મને દ્વિતીયા થાય. ક્રિયાપદ કર્તાના આધારે મૂકાય જેમકે सः ग्रामं गच्छाति
- કર્મણિ પ્રયોગમાં કર્તાને તૃતીયા અને કર્મને પ્રથમા થાય, ક્રિયાપદ કર્મના આધારે મૂકાય. જેમકે तेन ग्रामः गम्यते
- ભાવે પ્રયોગમાં કર્તાને તૃતીયા થાય, કર્મ હોય નહિ, ક્રિયાપદ ૩ પુ.એ.વ.માં મૂકાય. જેમકે तेन गम्यते ।
- કર્મણિ કે ભાવે માં મૂળ ધાતુને य લગાડી આત્મનેપદ પ્રત્યયો લગાડવા વિશેષ નિયમો આગળ કહેવાશે.

## ૪. શબ્દોનાં રૂપો :

### *વિભક્તિ પ્રકરણ*

શબ્દોનાં રૂપો अ કારાન્ત आ કારાન્ત इ કારાન્ત उ કારાન્ત ऋ કારાન્ત વ્યંજનાંત વગેરે અનેક પ્રકારે થાય છે. લિંગ ભેદે પુંલિંગ, સ્ત્રીલિંગ, નપુંસકલિંગ એમ ત્રણ પ્રકારે છે. દરેકની પ્રથમા દ્વિતીયા વગેરે સાત વિભકિતઓ તથા એક દ્વિ અને બહુ એમ ત્રણ વચનો છે.

| વિભક્તિ | કોને થાય | તે તે કારકનો અર્થ | ગુજરાતી | અંગ્રેજી | દષ્ટાંત |
|---|---|---|---|---|---|
| પ્રથમા | કર્તાને | ક્રિયાને કરે તે કર્તા | - | - | નીરવ જાય છે. |
| દ્વિતીયા | કર્મને | ૧. ક્રિયાનું ફળ જેમાં હોય તે | - | - | શીતલ ભાત રાંધે છે. |
| | | ૨. જેના ઉપર ક્રિયા થાય તે | - | - | સોની સોનું ઘડે છે. |
| | | ૩. ક્રિયા દ્વારા જે મેળવાય તે | - | - | નીરવ ગામ જાય છે. |
| તૃતીયા | કરણને | જેના વડે ક્રિયા થાય તે | થી થકી વડે | BY | ધવલ પેન વડે લખે છે. |
| ચતુર્થી | સંપ્રદાનને | જેને આપવાનુ હોય તે<br>કર્મ અથવા ક્રિયા દ્વારા<br>જેની સાથે સંબંધ કરાય તે,<br>માટે અર્થમાં | ને<br>માટે | To<br>For | રામ લક્ષ્મણને ધન આપે છે.<br>ગુરૂ શિષ્યોને ઉપદેશ આપે છે.<br>પિતાજી મારા માટે ફળ લાવે છે. |
| પંચમી | અપાદાનને | જેનાથી છુટા પડવાનું હોય તે<br>જેનાથી ડર લાગે તે | માંથી<br>ઉપરથી | From | ઝાડ ઉપરથી પાંદડું પડે છે.<br>તે ખિસ્સામાંથી પૈસા કાટે છે.<br>તે વાઘથી ડરે છે. |
| ષષ્ઠી | સંબંધને | એકવસ્તુ કે વ્યક્તિને બીજા સાથેનું જોડાણ. | નો.ની.નું<br>રો.રી.રું. | OF<br>Is | સંસ્કૃતની ચોપડી..<br>મારા પ્રભુજી |
| સપ્તમી | અધિકરણ ને | વસ્તુનો આધાર | માં<br>ઉપર | On<br>In | ઘડામાં પાણી છે.<br>ટેબલ ઉપર પુસ્તકો છે. |
| સંબોધન | ઉદ્દેશ્યને | જેને ઉદ્દેશીને ક્રિયા થાય તે | હે | | હે બાળકો ! તમે સંસ્કૃત ભણો.. |

**સાત વિભક્તિ બતાવતું વાક્ય :-**

નીરવ કહે છે હે ધવલ ! છોડ ઉપરથી હાથ વડે પુષ્પો ચુંટીને ભગવાનની પૂજા માટે છાબડીમાં લઈ આવ...

## યૌગિક વિભક્તિઓ...

| | અવ્યય | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | सह | | | ✓ | | | | |
| ૨ | विना | | ✓ | ✓ | | ✓ | | |
| ૩ | ऋते | | ✓ | ✓ | | ✓ | | |
| ૪ | नमस् | | | | ✓ | | | |
| ૫ | स्वस्ति | | | | ✓ | | | |
| ૬ | कृतम् भवतु अलम् किम् | | | ✓ | | | | |
| ૭ | धिक् अन्तरेण | | ✓ | | | | | |

૧. ક્રિયાનાં વિશેષણોને દ્વિતીયા. भृशं प्रयतते

૨. तुल्य सदृश सम વગેરે તુલ્યાર્થક નામો સાથે તૃતીયા કે ષષ્ઠી. कर्णेन तुल्यः कर्णस्य तुल्यः

૩. हीन, न्यून, विकल, रहित, सहित વગેરે નામો સાથે સંબંધ ધરાવતા નામને તૃતીયા. धनेन हीन :

૪. रुच् ધાતુના યોગમાં તેના કર્તાને ચતુર્થી तुभ्यं रोचते धर्मः

૫. ક્રોધ દ્રોહ ઈર્ષા અસૂયા અર્થવાળા ધાતુઓના યોગમાં જેના ઉપર કોપ હોય તેને ચતુર્થી, किङ्कराय क्रुध्यति ।

૬. પરંતુ ઉપસર્ગ પૂર્વક क्रुध् અને द्रुह् ધાતુમાં દ્વિતીયા, मैत्रमभिक्रुध्यति.

## સ્વરાંત નામોનાં રૂપો :

| अ કારાન્ત પુંલિંગ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧ | स् | औ | अस् | जिनः | जिनौ | जिनाः |
| ૨ | म् | " | 卐 " | जिनम् | जिनौ | जिनान् |
| ૩ | इन | ✱ भ्याम् | ऐस् | जिनेन | जिनाभ्याम् | जिनैः |
| ૪ | ✱ य | ✱ भ्याम् | ☆ भ्यस् | जिनाय | जिनाभ्याम् | जिनेभ्यः |
| ૫ | आत् | भ्याम् | ☆ भ्यस् | जिनात् | जिनाभ्याम् | जिनेभ्यः |
| ૬ | स्य | ☆ ओस् | ● नाम् | जिनस्य | जिनयोः | जिनानाम् |
| ૭ | इ | ☆ ओस् | ☆ सु | जिने | जिनयोः | जिनेषु |
| સં. | ० | औ | अस् | जिन! | जिनौ! | जिनाः! |

卐 પ્રત્યયના अ સહિત શબ્દનો અંત્ય સ્વર દીર્ઘ થાય. અને પુંલિંગ નામોમાં स् નો न्.

✱ પૂર્વના अ નો आ .

☆ પૂર્વના अ નો ए કરવો

● સમાન સ્વર દીર્ઘ કરવો..

र, राम, ऋषभ, वर्धमान, प्रद्युम्न प्रहलाद, परिवार, कुमारपाल, परमार्हत, हेमचन्द्राचार्य, कलिकाल सर्वज्ञ, अभयकुमार, महाराजाधिराज ઈત્યાદિ

**षत्व णत्व:** ૧. र् ष् ऋ વર્ણ પછી न् નો ण् થાય. બન્નેની વચ્ચે ल् च-ट-त વર્ગ श् स् સિવાયનો અક્ષર હોય તો પણ... रामेण, नृपाणाम्

૨. નામિ અંતસ્થા કે क વર્ગ પછી स् નो ष् થાય. जिनेषु, मुनिषु

## अ કારાન્ત નપુંસકલિંગ

| | | | | | |
|---|---|---|---|---|---|
| प्र० | द्वि० म् | ई | आनि | कमलम् | कमले | कमलानि |
| सं. | ० | " | " | कमल! | " | " |

वन, पुण्य, शिवसुख, अध्ययन, समवसरण, प्रतिक्रमण, शुक्लध्यान, महाभिनिष्क्रमण ઈત્યાદિ

## आ કારાન્ત સ્ત્રીલિંગ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ० | 卐 औ | अस् | माला | माले | मालाः |
| म् | औ | अस् | मालाम् | माले | मालाः |
| ☆आ | भ्याम् | भिस् | मालया | मालाभ्याम् | मालाभिः |
| यै | " | भ्यस् | मालायै | " | मालाभ्यः |
| यास् | " | " | मालायाः | " | " |
| " | ☆ओस् | नाम् | " | मालयोः | मालानाम् |
| याम् | " | सु | मालायाम् | " | मालासु |
| 卐 ० | औ | अस् | माले! | माले! | मालाः |

| | |
|---|---|
| 卐 પ્રત્યય સાથે आ નો ए | सुलसा, चन्दनबाला, मदनरेखा |
| ☆ પ્રત્યય પર છતાં आ નો ए | आराधना मदना यतना इषत्प्राग्भारा વગેરે |

## इ કારાન્ત उ કારાન્ત પુંલિંગ

| | | | | | |
|---|---|---|---|---|---|
| स् | 卐 औ | ⌖ अस् | मुनिः | मुनी | मुनयः |
| म् | " | ☆ " | मुनिम् | " | मुनीन् |
| ना | भ्याम् | भिस् | मुनिना | मुनिभ्याम् | मुनिभिः |
| ⌖ ए | " | भ्यस् | मुनये | " | मुनिभ्यः |
| ⌖ र् | " | " | मुनेः | " | " |
| ⌖ र् | ओस् | नाम् | " | मुन्योः | मुनीनाम् |
| ☆ औ | " | सु | मुनौ | " | मुनिषु |
| ⌖ ० | 卐 औ | ⌖ अस् | मुने ! | मुनी ! | मुनयः ! |

☆ अ સહિત સમાન દીર્ઘ અને स् નો न्.
卐 પ્રત્યય સાથે इ/उ દીર્ઘ.
⌖ इ / उ નો ગુણ.
☆ इ / उ નો લોપ.

એ પ્રમાણે हरि शान्ति कवि सुरूचि सुविधि सुमति, હિમરશ્મિ સહસ્રવિધિ સિંહગિરિ શાશ્વતગિરિ ઈત્યાદિ...

## उ કારાન્ત (પુંલિંગ)

| | | |
|---|---|---|
| भानुः | भानू | भानवः |
| भानुम् | भानू | भानून् |
| भानुना | भानुभ्याम् | भानुमिः |
| भानवे | भानुभ्याम् | भानुभ्यः |
| भानोः | भानुभ्याम् | भानुभ्यः |
| भानोः | भान्वोः | भानूनाम् |
| भानौ! | भान्वोः | भानुषु |
| भानो! | भानू ! | भानवः ! |

એ પ્રમાણે साधु गुरू हिमांशु भद्रबाहु कुरगडु अगुरूलघु कर्कन्धु अनुजबन्धु कल्पतरू उष्णांशु ઈત્યાદિ

## इ / उ કારાન્ત (નપું.)

૧. સ્વરાદિ પ્રત્યયોની પૂર્વે न् ઉમેરાય
૨. સંબોધન એક વચનમાં વિકલ્પે ગુણ

| | | |
|---|---|---|
| वारि | वारिणी | वारीणि |
| " | " | " |
| वारिणा | वारिभ्याम् | वारिभिः |
| वारिणे | " | वारिभ्यः |
| वारिणः | " | " |
| " | वारिणोः | वारीणाम् |
| वारिणि | " | वारिषु |
| वारे! वारि! | वारिणी! | वारीणि ! |

એજ પ્રમાણે उ કારાન્ત નાં પણ સમજવાં.

## इ उ કારાન્ત સ્ત્રીલિંગ

- તૃ. એ.વ. માં ના ને બદલે आ પ્રત્યય સમજવો
- ૪-૫-૬-૭ એ.વ.ના પ્રત્યય અનુક્રમે ऐ आस् आस् आम् વિકલ્પે સમજવા.

| | | |
|---|---|---|
| मतिः | मती | मतयः |
| मतिम् | मती | 卐 मतीः |
| मत्या | मतिभ्याम् | मतिभिः |
| मत्यै, मतये | " | मतिभ्यः |
| मत्याः, मतेः | " | मतिभ्यः |
| " | मत्योः | मतीनाम् |
| मत्याम्, मतौ | " | मतिषु |
| मते | मती | मतयः |

卐 अ સહિત સમાન દીર્ઘ.

એ પ્રમાણે बुध्दि, विरति, सदगति, प्रवृति, ऋधि समृद्धि वगेरे

**નોટ :** धेनु વગેરે હ્રસ્વ उ કારાન્ત સ્ત્રીલિંગ નામોનાં રૂપો આ પ્રમાણે જ સમજવાં માત્ર इ ને બદલે उ નું ધ્યાન રાખવું.

## ई ऊ કારાન્ત સ્ત્રીલિંગ

- પ્રથમા એ.વ.માં પ્રત્યય ०
- ૪-૫-૬-૭ એ.વ.ના ऐ आस् आस् आम् નક્કી કરવા
- સં.એ.વ. માં ई / ऊ હ્રસ્વ કરવા.
- શેષ પ્રત્યયો પુંવત્. પણ ત્યાંના એકેય નિયમ ન લાગે.

| | | |
|---|---|---|
| नदी | नद्यौ | नद्यः |
| नदीम् | नद्यौ | नदीः |
| नद्या | नदीभ्याम् | नदीभिः |
| नद्यै | नदीभ्याम् | नदीभ्यः |
| नद्याः | नदीभ्याम् | नदीभ्यः |
| नद्याः | नद्योः | नदीनाम् |
| नद्याम् | नद्योः | नदीपु |
| नदि ! | नद्यौ ! | नद्यः |

એ પ્રમાણે सरस्वती, पद्मावती, गुर्वी, साध्वी, महासती, धर्मपत्नी, भगवती, मृगावती, नर्मदासुन्दरी, दमयन्ती, तन्वी વગેરે વગેરે

**નોટ :** वधू વગેરે ऊ કારાન્તનાં પણ આ જ પ્રમાણે સમજવું.

## ऋ કારાન્ત પુંલિંગ, નપુંસકલિંગ, સ્ત્રીલિંગ.

| | | |
|---|---|---|
| 卐 आ | ० औ | ० अस् |
| ० अम् | ० औ | ❀ अस् |
| आ | भ्याम् | भिस् |
| ए | भ्याम् | भ्यस् |
| 卐 उर् | भ्याम् | भ्यस् |
| 卐 उर् | ओस् | ❖ नाम् |
| ▲ ई | ओस् | सु |
| ▲ ० | ० औ | अस् |

卐 ऋ નો લોપ.

० ऋ નો સંબંધવાચકમાં ગુણ
વિશેષણમાં વૃદ્ધિ

❀ अ સહિત સ્વર દીર્ઘ અને स् નો न्

❖ સમાન સ્વર દીર્ઘ

▲ ऋ નો ગુણ

નપુંસક લિંગ રૂપો वारि મુજબ સ્ત્રીલિંગ રૂપો વિશેષણ વાચકમાં ई લાગીને नदीवत् સંબંધવાચકમાં पुंवत्

## વિશેષણ તથા સબંધ વાચક

दातृ પું. વિશેષણ નામ

| | | |
|---|---|---|
| दाता | दातारौ | दातारः |
| दातारम् | दातारौ | दातृन् |
| दात्रा | दातृभ्याम् | दातृभिः |
| दात्रे | दातृभ्याम् | दातृभ्यः |
| दातुः | दातृभ्याम् | दातृभ्यः |
| दातुः | दात्रोः | दातृणाम् |
| दातरि | दात्रोः | दातृषु |
| दातः | दातारौ | दातारः |

એ જ પ્રમાણે कर्तृ, वाञ्छितदातृ, रक्षितृ, आगन्तृ, स्वसृ. વગેરે

| | | |
|---|---|---|
| पिता | पितरौ | पितरः |
| पित्तरम् | पितरौ | पितृन् |

શેષ दातृवत्

देवृ, जामातृ, मातृ, ननान्दृ नृ વગેરે વગેરે

## વ્યંજનાંત રૂપો –

- भगवत्, अर्हत्, राजन्, श्रेयस्, शशिन्, तपस्विन् ઈત્યાદિ વ્યંજનાંત નામો છે. જેનાં રૂપો લગભગ સરખાં છે. થોડો થોડો તફાવત છે.
- પદાન્તે સંયુક્તનો અંત્ય વ્યંજન લોપાય.
- પદાન્ત च् અને ज् નો અનુક્રમે क् અને ग् થાય.
- પુંલિંગમાં પહેલા પાંચ અને નપુંસકમાં પ્રથમા દ્વિતીયા બ.વ. ના પ્રત્યયો ઘુટ્ જાણવા.

| પ્રત્યયો | | | मरुत् પુ. | | | નપુંસક લિંગ |
|---|---|---|---|---|---|---|
| ० | औ | अस् | मरुत्द् | मरुतौ | मरुतः | ० ई इ પ્ર. દ્વિ.સં. શેષ પુંવત્ |
| अम् | औ | अस् | मरुतम् | मरुतौ | मरुतः | |
| आ | भ्याम् | भिस् | मरुता | मरुद्भ्याम् | मरुद्भिः | जगत् जगती जगन्ति પ્ર. દ્વિ.સં. શેષ मरुत् वत् |
| ए | भ्याम् | भ्यस् | मरुते | मरुद्भ्याम् | मरुद्भ्यः | |
| अस् | भ्याम् | भ्यस् | मरुतः | मरुद्भ्याम् | मरुद्भ्यः | ० પ્ર.દ્વિ. બ.વ.માં इ પૂર્વે न् ઉમેરાય. |
| अस् | ओस् | आम् | मरुतः | मरुतोः | मरुताम् | |
| इ | ओस् | सु | मरुति | मरुतोः | मरुत्सु | |
| ० | औ | अस् | मरुत्,द् | मरुतौ | मरुतः | સ્ત્રીલિંગ, પુંલિંગ જેવાં જ... |
| વ્યંજન સંધિના નિયમો વગેરે ધ્યાનમાં લેવા | | | એજ પ્રમાણે ककुभ्, मुद्, योषित् (સ્ત્રી) | | | |

***કેટલાક વ્યંજનાંત શબ્દોમાં જે ફેરફાર છે તે આ પ્રમાણે...***

- चन्द्रमस् अप्सरस् વગેરે अस् અંતવાળા પુંલિંગ સ્ત્રીલિંગ નામોમાં પ્રથમા એ.વ. દીર્ઘ થાય. चन्द्रमाः अप्सराः. भ्याम् भिस् વગેરેમાં વિસર્ગ સંધિ. अप्सरोभ्याम् अप्सरःसु अपसरस्सु
- तवत् (क्तवतु) અંતવાળા मत् (मतु) અંતવાળા ईयस् (ईयसु) અંતવાળા विद्वस् અને महत् શબ્દોમાં धुट् પ્રત્યયોમાં न् ઉમેરાય, અને तवत् તથા मत् અંતવાળા માં પ્રથમા એ.વ.અને બાકીનામાં પાંચેય રૂપોમાં સ્વર દીર્ઘ થાય.

| | | |
|---|---|---|
| नीतवान् | नीतवन्तौ | नीतवन्त ઈત્યાદિ |
| श्रीमान् | श्रीमन्तौ | श्रीमन्तः " |
| पटीयान् | पटीयांसौ | पटीयांसः " |
| विद्वान् | विद्वांसौ | विद्वांसः " |

આ નિયમના બધા શબ્દોમાં સ્ત્રીલિંગ ई (ङी) લાગીને નદીવત્ રૂપો થાય. नीतवती श्रीमती पटीयसी विदुषी

- विद्वस् માં અધુટ્, સ્વરાદિમાં व નો उ અને વ્યંજનાદિમાં स् ના द् થાય विदुषः विदुषी विद्वद्भ्याम्..
- स् ह ની પૂર્વે न् નો અનુસ્વાર થાય. पटीयांसौ, विद्वान्सौ

- इन् અંતવાળા નામોમાં પ્રથમા એ.વ. દીર્ઘ થાય. शशी
- अन् અંતવાળા નામોમાં પદાન્ત न् લોપાય. राजा, राजभ्याम्
- धुट् પ્રત્યયોમાં अ નો आ થાય. राजा, राजानौ
- અઘુટ્ સ્વરાદિમાં अ નો લોપ થાય. राज्ञः राज्ञा
- સપ્તમી એ.વ.માં તથા નપું. પ્રથમા દ્વિતીયા દ્વિવચનમાં अ વિકલ્પે લોપાય, राज्ञि राजनि, नाम्नी नामनि ।
- સંબોધનમાં न् લોપાય નહી. राजन् નપું. માં વિકલ્પે લોપાય, नाम नामन्
- अन् પૂર્વે म् કે व्, જો સંયુક્ત હોય તો અઘુટ્ સ્વરાદિમાં अन् નો अ લોપતો નથી. आत्मन् पर्वन् कर्मन् વગેરે
- સ્ત્રીલિંગમાં ई (ङी) લાગીને થશે. राजन् - राज्ञी

| | | | |
|---|---|---|---|
| राजन् - | राजा | राजानौ | राजानः |
| | राजानम् | राजानौ | राज्ञः |
| | राज्ञा | राजभ्याम् | राजभिः |
| | राज्ञे | राजभ्याम् | राजभ्यः |
| | राज्ञः | राजभ्याम् | राजभ्यः |
| | राज्ञः | राज्ञोः | राज्ञाम् |
| | राज्ञि राजनि | राज्ञोः | राजसु |
| | राजन् | राजानौ | राजानः |

| | | | | |
|---|---|---|---|---|
| नामन् | नपुं. | | | |
| नाम | नाम्नी | नामनी | नामानि | प्र. |
| नाम | नाम्नी | नामनी | नामानि | द्वि. |
| सं.नाम नामन् | नाम्नी | नामनी | नामानि | सं. |
| आत्मन् - | आत्मा | आत्मानौ | आत्मानः | |
| | आत्मना | आत्मभ्याम् | आत्मभिः | |

આ પ્રમાણે શેષ સમજી લેવાં

## ૫. સર્વનામ

- નામને બદલે વપરાય તે સર્વનામ હું, તું, તે, આ – પેલું વગેરે...
- अस्मद्, युष्मद् નાં રૂપો ત્રણેય લિંગમાં સરખાં છે. એટલે અલિંગ છે.
- अस्मद्, युष्मद, इदम् અને अदस् નાં રૂપો અનિયમિત છે. આ ચારેય શબ્દોનાં અન્વાદેશમાં ભિન્ન રૂપો પણ થાય છે. જે સાથે જ બતાવેલ છે.
- બાકીના સર્વનામોનાં રૂપો એક સરખાં જ છે. तद् પ્રમાણે..
- तद्, एतद् માં પ્રથમા એ.વ.માં त् નો स् થાય છે. सः एषः
- किम् નો क, तद् નો त, यद् નો य, एतद् નો एत કરી ત્રણેય લિંગમાં રૂપો થાય...
- દરેક સર્વનામોમાં નપું० પ્રથમા દ્વિતીયા એ.વ.માં મૂળ શબ્દ જેવું જ રૂપ થાય. तद् , यद्, अदः, इदम् વગેરે પરંતુ अन्य શબ્દનું अन्यद् થાય.
- સ્ત્રીલિંગમાં આ જ 'શબ્દો' आ કારાન્ત બનાવી દેવા.. અને तद् પ્રમાણે રૂપો કરવાં. किम् - का, तद् - सा, यद् - या, एतद् - एता...

| अस्मद् | | | युष्मद् | | |
|---|---|---|---|---|---|
| अहं | आवाम् | वयम् | त्वम् | युवाम् | यूयम् |
| माम्, मा | आवाम्, नौ | अस्मान्,नः | त्वां, त्वा | युवाम्, वाम् | यूस्मान्, वः |
| मया | आवाभ्याम् | अस्माभिः | त्वया | युवाभ्याम् | युष्माभिः |
| मह्यम् मे | आवाभ्याम् नौ | अस्मभ्यम्, नः | तुभ्यम ते | " वाम् | युष्मभ्यम्, वः |
| मद् | आवाभ्याम् | अस्मद् | त्वद् | " | युष्मद् |
| मम मे | आवयोः नौ | अस्माकम्, नः | तव, ते | युवयोःवाम् | युष्माकम्, वः |
| मयि | आवयोः | अस्मासु | त्वयि | युवयोः | युष्मासु |

| तद् पुं. | | | નપુસંગલિંગ | | | इदम् पुं. | | |
|---|---|---|---|---|---|---|---|---|
| सः | तौ | ते | तद् | ते | तानि | अयम् | इमौ | ईमे |
| तम् | तौ | तान् | | शेष पुंवत् | | इमम् | इमौ | इमान् |
| तेन | ताभ्याम् | तैः | | | | एनम् | एनौ | एनान् |
| तस्मै | ताभ्याम् | तेम्यः | सा | ते | ताः | अनेन, एनेन | आभ्याम् | एभिः |
| तस्मात् | ताभ्याम् | तेम्यः | ताम् | ते | ताः | अस्मै | आभ्याम् | एभ्यः |
| तस्य | तयोः | तेषाम् | तया | ताभ्याम् | ताभिः | अस्मात् | आभ्याम् | एभ्यः |
| तस्मिन् | तयोः | तेषु | तस्यै | ताभ्याम् | ताभ्यः | अस्य | अनयोः एनयोः | एषाम् |
| यद् = य; किम् = क, | | | तस्याः | ताभ्याम् | ताभ्यः | अस्मिन् | अनयोः एनयोः | एषु |
| एतद् = एत રૂપો આ પ્રમાણે... | | | तस्याः | तयोः | तासाम् | | | |
| | | | तस्याम् | तयोः | तासु | | | |

| इदम् स्त्रीलिंग | | | अदस् આઃ पुंलिंग | | | स्त्रीलिंग | | |
|---|---|---|---|---|---|---|---|---|
| इयम् | इमे | इमाः | असौ | अमू | अमी | असौ | अमू | अमूः |
| इमाम् | इमे | इमाः | अमुम् | अमू | अमून् | अमूम् | अमू | अमूः |
| एनाम् | एने | एनाः | अमुना | अमुभ्याम् | अमीभिः | अमुया | अमूभ्याम् | अमूभिः |
| अनया-एनया | आभ्याम् | आभिः | अमुष्मै | अमुभ्याम् | अमीभ्यः | अमुष्यै | अमूभ्याम् | अमूभ्यः |
| अस्यै | आभ्याम् | आभ्यः | अमुष्मात् | " | अमीभ्यः | अमुष्याः | अमूभ्याम् | अमूभ्यः |
| अस्याः | आभ्याम् | आभ्यः | अमुष्य | अमुयोः | अमीषाम् | अमुष्याः | अमूयोः | अमूषाम् |
| अस्याः | अनयोः:एनयोः | आसाम् | अमुष्मिन् | " | अमीषु | अमुष्याम् | अमूयोः | अमूषु |
| अस्याम् | एनयोः | आसु | | | | | | |
| इदम् इमे इमानि प्र.द्वि. | | | નપું. अदः अमू अमूनि | | | | | |
| एनद् एने एनानि प्र.द्वि. | | | શેષ પું.વત્ | | | | | |

## ૬. કૃદન્ત :

- ધાતુને જુદા જુદા પ્રત્યયો લાગીને ધાતુ પરથી શબ્દો બને તેને કૃદન્ત કહેવાય જે નીચે મુજબ –

| અ. નં. | કૃદન્તનું નામ | પ્રત્યય | કયા અર્થમાં | દષ્ટાંત | અર્થ | વિશેષ |
|---|---|---|---|---|---|---|
| ૧ | હેત્વર્થ | तुम् | વાને | नेतुम् | લઈજવાને | ગુણ થાય : અવ્યય |
| ૨ | સંબંધક ભૂત | त्वा(क्त्वा) | ઈને | नीत्वा | લઈને | ગુણ ન થાય, અવ્યય, |
| | | य | ઈને | आनीय | લાવીને | ગુણ ન થાય, ઉપસર્ગ પૂર્વક ધાતુને લાગે. |
| | | त्य | ઈને | संहृत्य | સંહરીને | ઉપસર્ગ પૂર્વક ધાતુને, પણ અંતે હ્રસ્વ સ્વર હોય તો. |
| ૩ | કર્મણિ ભૂત | त (क्त) | આયેલ | नीत | લઈ જવાયેલ | ગુણ નહિ.. વિશેષણ... રૂપો ત્રણેય લિંગમાં. |
| ૪ | ભાવેભૂત | त (क्त) | આયેલ | कृतम् | કરાયેલ | નપું૦ પ્રથમા એ.વ. માં જ |
| ૫ | કર્તરિ ભૂત | तवत् (क्तवतु) | એલ. | कृतवत् | કરેલ. | રૂપો ત્રણેય લિંગમાં |
| ૬ | વિધ્યર્થ | तव्य<br>अनीय<br>卐 य | કરવા યોગ્ય | कर्तव्य<br>करणीय<br>कार्य | કરવા યોગ્ય | રૂપો ત્રણેય લિંગમાં |
| ૭ | વર્તમાન કર્તરિ | परस्मै-अत्<br>✿ (शतृ) | તો | गच्छत् | જતો | રૂપો ત્રણેય લિંગમાં |
| | | આત્મને आन<br>✻ आनश् | | वन्दमान | વંદન કરતો | |
| ૮ | વર્તમાન કર્મણિ | आन<br>आनश् | આતો | वन्द्यमान | વંદન કરાતો | રૂપો ત્રણેય લિંગમાં |

卐 આ પ્રત્યય લાગતાં ક્યારેક ગુણ થાય. ક્યારેક વૃદ્ધિ થાય. ક્યારેક त् ઉમેરાય. आ કારાન્તના आ નો ए થાય. कार्यम् कृत्यम् भव्यम् ज्ञेय ઈત્યાદિ

✿ રૂપો કરતાં ઘુટ્ પ્રત્યયોમાં न् ઉમેરાય. गच्छन् गच्छन्तौ गच्छन्तः નપું गच्छत् द् गच्छन्ती गच्छन्ति।

નપું૦ પ્ર. દ્વિ દ્વિવચનમાં તથા સ્ત્રીલિંગનો ઈ(ङी) લાગતાં अत् નો अन्त કરવો જો છઠ્ઠા ગણના ધાતુ હોય તો વિકલ્પે કરવો.

✻ આ પ્રત્યયની પૂર્વે अ હોય તો आन ની પૂર્વે म् ઉમેરાય वन्दमान

## ७. તદ્ધિત :

- ❖ શબ્દોને જુદા જુદા પ્રત્યયો લાગીને નવા શબ્દો બને, તેને તદ્ધિત કહેવાય. (ધાતુ ઉપરથી શબ્દ બને તે કૃદન્ત અને શબ્દ પરથી શબ્દ બને તે તદ્ધિત)
- ❖ મોટા ભાગના પ્રત્યયો લાગતાં શબ્દમાંના આદિ સ્વરની વૃધ્ધિ થાય.. ઉદા. औदारिक, वैक्रिय, सांसारिक, सैद्धान्तिक
- ❖ સ્વરાદિ પ્રત્યય લાગતાં શબ્દના અંત્ય સ્વરનો લોપ થાય. संसार-सांसरिक
- ❖ तस्य अपत्य. तस्य इदम्, तस्मिन् भव વગેરે અર્થોમાં તધ્ધિતના अ य इक (इकण्) ईय, मत् (मतु) इन् विन् तर तम इष्ठ ईयस् વગેરે પ્રત્યયો લાગે..
- ❖ ઘણા ખરા તદ્ધિતના પ્રયોગો ચાલુ વપરાશમાં પણ બોલાતા હોય છે..
- ❖ આ શબ્દો વિશેષણ બને, ત્રણેય લિંગમાં રૂપો થાય

### *ઉપયોગી કેટલાક તદ્ધિતના પ્રયોગો...*

| | | | | | |
|---|---|---|---|---|---|
| जिनस्य | इदम् | = | जैनम् | आत्मीय | पटुतर |
| जिनस्य | अयम् | = | जैनः | भवदीय | पटुतम |
| जिनस्य | इयम् | = | जैनी | अस्मदीय | लघुतर |
| पाण्डोः | अपत्यम् | = | पाण्डवः | युष्मदीय | लघुतम |
| कुरोः | अपत्यम् | = | कौरवः | भारतीय | लघीयस् |
| ऋषभस्य | अपत्यम् | = | आर्षभिः | गोमत् | लघिष्ट |
| उदारेण | निर्मितम् | = | औदारिकम् | श्रीमत् | श्रेष्ठ |
| विक्रियया | " | = | वैक्रियम् | क्रीडावत् | श्रेयस् |
| संसारस्य | संबंधि | = | सांसारिकम् | हस्तिन् | पटीयस् |
| व्यावहारिक, | व्यावसायिक, | आध्यात्मिक | | करिन् | पटिष्ठ |
| सामायिक, | गौरव, लाघव, | | | धनिन् | |
| माहात्म्य | तादात्म्य | | | तपस्विन् | |
| नागर | नागरिक | | | मायाविन् | |
| ऐतिहासिक | सामयिक दैनिक | | यशस्विन् | यावत्, तावत्, | |
| भौगोलिक, | यौगिक | काषायिक काषाय्य | | एतावत्, यति, तति, कति, | |
| | | | | इयत्, कियत् इत्यादि | |

## ૮. પ્રકીર્ણક :

૧. અવ્યય : જેનાં રૂપો થાય નહિ, न व्ययति = अव्ययः
अत्र तत्र सर्वत्र सर्वदा उच्चैः शनैः कुत्र कुत्तस् વગેરે

૨. સતિ સપ્તમી : જેની ક્રિયા બીજી ક્રિયાને ઓળખાવે. તે ક્રિયા કરનાર કર્તાને પ્રથમા ને બદલે સપ્તમી વિભક્તિ થાય. જેમકે હું શંખેશ્વર જતો હતો ત્યારે તે આવ્યો હતો... અહીંમારી શંખેશ્વર જવાની ક્રિયા બીજી ક્રિયાને ઓળખાવે છે. તેથી હું' ને સપ્તમી વિભક્તિ થાય. मयि शङ्खेश्वरं गच्छति सति सः आगतः । આને 'સતિ સપ્તમી કહેવાય.

૩. નિર્ધારણ ષષ્ઠી : સમુદાયમાંથી એકની ગુણાદિના કારણે વિશિષ્ટતા બતાવવી હોય ત્યારે પંચમીના બદલે ષષ્ઠી કે સપ્તમી થાય જેને નિર્ધારણ ષષ્ઠી કે સપ્તમી કહેવાય
क्षत्रियो नराणां नरेषु वा शूरः।

૪. વિશેષણ-વિશેષ્ય : નામના અર્થમાં વધારો કરે તે વિશેષણ. વિશેષણ જેના અર્થમાં વધારો કરે તે વિશેષ્ય લાલ ઘોડો
લાલ - વિશેષણ ઘોડો - વિશેષ્ય
વિશેષણને લિંગ વચન અને વિભક્તિ તેના વિશેષ્યને આધારે થાય... श्वेतः अश्वः धावति

૫. અન્વાદેશ : કોઈના સબંધમાં કાંઈક કહીને ફરીથી તેના જ સંદર્ભમાં કાંઈ કહેવું તે અન્વાદેશ કહેવાય, જેમકે રમેશ સવારે વહેલો ઉઠે છે. પછી તે દેરાસર જાય છે... અહીં બીજી ક્રિયા અન્વાદેશ છે.
અન્વાદેશમાં अस्मद् युष्मद् ના આદેશો નક્કી કરવા.

૬. અનિશ્ચિતાર્થ : किम् સર્વનામનાં ત્રણેય લિંગમાં તૈયાર થયેલાં રૂપોને चित् चन અને अपि જોડવાથી અનિશ્ચિતાર્થ બતાવે.

***સમાસ સંખ્યાવાચક વગેરે વિભાગ-૨ માં બતાવાશે.***

# વિભાગ - ૨

પ્રથમ વિભાગમાં ૧-૪-૬ અને ૧૦ મા ગણનાં ૪ કાળનાં રૂપો બતાવ્યાં હવે તેજ ગણોમાં જે વિશેષ છે તે કહેવાય છે.

- પહેલા ગણમાં લાગતો વિકરણ પ્રત્યય अ વાસ્તવમાં अ (शव्) સમજવો.
  ૪ થા ગણમાં લાગતો વિકરણ પ્રત્યય य વાસ્તવમાં य (श्य) સમજવો.
  ૬ ઠ્ઠા ગણમાં લાગતો વિકરણ પ્રત્યય अ વાસ્તવમાં अ (श) સમજવો.
  ૧૦ મા ગણમાં લાગતો વિકરણ પ્રત્યય इ વાસ્તવમાં इ (णिच्) સમજવો.
  દરેક ગણના કર્મણિમાં લાગતો य વાસ્તવમાં य (क्य) સમજવો.

## ૧. इत् પ્રકરણ

- મૂળ પ્રત્યયની સાથે વધારાના બતાવાતા અક્ષરો તે તે ઈત્ સમજવા દા. ત. अ (शव्) અહીં शव् પ્રત્યયમાં श्.अ.व् છૂટું પડે વચ્ચે રહેલો अ પ્રત્યય છે. આજુ બાજુના श् અને व् વધારાના છે. તે ઈત્ સમજવા. તેથી આ પ્રત્યયને शित् તથા व् હોવાથી वित् કહેવાય.
- પ્રયોજનને માટે નિશાની તરીકે મૂકાતા અક્ષરોને ઈત્ કહેવાય. આ અક્ષરો કોઈને કોઈ વિશેષતા બતાવે છે.
- જ્યાં क् વધારાનો મૂકાયો હોય તે આખો પ્રત્યય कित् કહેવાય ङ् વધારાનો હોય. તે ङित्, ञ् હોય તે ञित्, ण હોય તે णित् અને ड् હોય તે डित् જાણવા.. દા.ત. त (क्त) त्वा (क्त्वा) य (क्य) इ (ञिच्) आ (डा) ઈત્યાદિ...

### કયા ઇત્ નું ફળ શું ?

૧. क् ઈત્ ગુણનો નિષેધ કરે.

૨. ङ् ઈત્ ગુણનો નિષેધ કરે.

૩. ञ् અને ण् ઈત્ વૃધ્ધિ કરાવે.

૪. ड ઈત્ અન્ત્ય સ્વર અને તેની પછીના વ્યંજનોનો લોપ કરાવે.

૫. शित् પ્રત્યય હોય પણ સાથે व् ન મૂક્યો હોય તો તે शित् પ્રત્યય ङित् બની જાય છે તેથી તે પ્રત્યય લાગતાં ગુણ ન થાય. જેમકે ૬ ઠ્ઠા ગણનો अ (श) અને ૪ થા ગણનો य (श्य) આ બન્ને પ્રત્યયો शित् છે. પણ व् ઈત્ નથી માટે તે ગણોમાં (अवित् शित् ङित्) ગુણ થાય નહિ.

## ४ ગણોમાં વિશેષ

१. गुप्, धूप, विच्छ ગણ-६ पण् અને पन् ધાતુને સ્વાર્થિક आय લાગે गोपायति धूपायति વગેરે

२. ऋत् ને સ્વાર્થિક ईय લાગે. ऋतीयते

૩. गुह् ધાતુમાં સ્વરાદિ પ્રત્યય લાગતાં ગુણ ન કરતાં उ દીર્ઘ કરવો. गूहति

४. कृप् ધાતુમાં ऋ નો लृ અને र् નો ल् થાય. कल्पते

५. अय् ધાતુની પૂર્વે ઉપસર્ગના र् નો ल् થાય. प्र + अय् = पलायते

## ४ થા ગણમાં

१. ओ કારાન્ત ધાતુઓનો અન્ત્ય ओ લોપાય. दो - द्यति शो . श्यति

२. शम् સપ્તકમાં (शम्, तम्, दम्, श्रम्, भ्रम, क्षम् मद्) अ નો आ થાય. शाम्यति, भ्राम्यति.

## ६ ठ्ठा ગણમાં

१. व्रश्च् भ्रस्ज् અને प्रच्छ् તથા ग्रह् ગણ-૯ માં र् નો ऋ કરવો. वृश्चति, भृज्जति

२. ऋ કારાન્ત ધાતુના ऋ નો रि થાય. मृ म्रियते

૩. मुचादि (मुच् सिच् विद् लुप् लिप् कृत् खिद् पिश्) માં અન્ત્ય વ્યંજનની પૂર્વે न् ઉમેરાય.. मुञ्चति ।

## १० માં ગણમાં

१. धू प्री. માં न् ઉમેરાય. धूनयति प्रीणयति

२. कृत् નો कीर्त् આદેશ થાય् कीर्तयति

## ૩. શબ્દો બનાવવાની રીત : –

१. અહીં બતાવાતા પ્રત્યયો ધાતુને સીધે સીધા લગાડવાના છે. વિકરણ લગાડવાનો નથી.

२. પ્રત્યયમાં બતાવેલ ઈત્ બરાબર ધ્યાનમાં રાખી તદનુસાર ફેરફારો કરવા.

૩. સેટ્ અનિટ્ ધ્યાનમાં રાખવું.

४. સંધિના નિયમો તથા સામાન્ય નિયમો ધ્યાનમાં રાખવા...

## કયા અર્થમાં કયા પ્રત્યયો

| પ્રત્યય | કયા અર્થમાં લાગે ? | દષ્ટાંત | વિશેષ |
|---|---|---|---|
| अक (णक) | કર્તૃસૂચક અર્થ માં | कारक | વિશેષણ |
| तृ (तृच्) | " " | नन्तृ | " |
| अन (अनट्) | કરવું તે | गमन | નપુંસક |
| | (ભાવવાચક) | | લિંગ |
| अ (घञ्) | ભાવ અર્થ માં | प्रभाव | પુંલિંગ |
| अ (अल्) | " " | सम्भव | વિશેષણ |
| अ (अच्) | " " | हर: | વિશેષણ |
| ति (क्ति) | " " | गति | સ્ત્રીલિંગ |

કેટલાક ધાતુઓ એકથી વધારે ગણમાં વપરાય જે આ પ્રમાણે..

| | | | | | |
|---|---|---|---|---|---|
| भ्रास् | ૧-૪ | त्रस् | ૧-૪ | युजादि | ૧-૧૦ |
| म्लास् | ૧-૪ | लस् | ૧-૪ | तक्ष् | ૧-૫ |
| भ्रम् | ૧-૪ | यस् | ૧-૪ | (છોલવું) | |
| क्रम् | ૧-૪ | सम्-यस् | ૧-૪ | अक्ष् | ૧-૫ |
| क्लम् | ૧-૪ | त्रुट् | ૧-૬ | (વ્યાપવું) | |

## ધાતુના પદના ફેરફારો

| ધાતુ | ક્યારે | કયું પદ | દષ્ટાંત |
|---|---|---|---|
| जि | परा वि. સાથે | આત્મને | पराजयते |
| स्था | सम् वि. प्र अव સાથે | " | संतिष्ठते |
| रम् | वि आ परि | પરસ્મૈ. | विरमति |
| शद् | शित् વિષયમાં | આત્મને | शीयते |
| क्रम् | ઉપસર્ગ ન લાગે તો | U.P. | क्रामति, क्रमते |
| 卐 | प्र उप પૂર્વક આરંભ | A.P. | प्रक्रमते |
| | કરવાના અર્થમાં પ્રસરવું, ઉત્સાહ કરવો, | A.P. | क्रमते |
| | વધવું અર્થમાં | | बुध्दि: |
| | आ સાથે જ્યોતિષ મંડલનું | " | आक्रमते |
| | ઉગવું અર્થમાં | | सूर्य: |
| मृ | शित् વિષયમાં | " | म्रियते |
| ज्ञा | ઉપસર્ગ ન લાગે તો | U.P. | जानाति,जानीते |
| | सम् प्रति સાથે સ્મૃતિ | A.P. | संजानीते |
| | ભિન્ન અર્થમાં તથા | | अपजानीते |
| | છૂપાવવા અર્થમાં | | |
| क्री | परि वि अप સાથે | " | परिक्रीणीते |
| 卐 ચાર કાળમાં પરસ્મૈપદમાં क्राम्, क्रामति | | | |

## ૪. વિશેષ નિયમો :

અહીં બતાવાતા સ્વરાંત તથા વ્યંજનાંતના આ બધા નિયમો સાતમો ગણ રજો ગણ. ૩જો ગણ. શ્વસ્તની ભવિષયન્તી ક્રિયાતિપત્તિ પરોક્ષા અદ્યતની આશી: ઈચ્છાદર્શક તથા કૃદન્તો બનાવતી વખતે ખાસ ધ્યાનમાં રાખવા.

### ૧. સ્વરાંત ધાતુઓ માટે

૧. ચાર કાળ સિવાય સર્વત્ર ધાતુના અન્ત્ય સંધ્યક્ષરનો આ કરવો. ध्यै. ध्यानम्

૨. ધાતુના અન્ત્ય इ વર્ણ उ વર્ણ પછી સ્વરાદિ પ્રત્યય આવે તો इय्- उव् થાય.

रि + अ + ति = रियति - धुवति

૩. પણ અનેક સ્વરી ધાતુ હોય તો इ નો य् થાય. बिभ्यति પણ અનેક સ્વરી ગણાય.
૪. દીર્ઘ ॠ કારાન્ત ધાતુઓના ॠ નો कित् ङित् પ્રત્યયો લાગતાં इर् થાય. પણ જો ઓષ્ઠય વ્યંજન પછી ॠ હોય તો उर् થાય. तीर्यते पूर्यते
તેની પછી જો વ્યંજન આવે તો તે इ, उ દીર્ઘ થાય.
૫. વિધ્યર્થ કૃદન્તનો य લાગતાં आ કારાન્ત ધાતુઓના आ નો ए થાય. हेय ज्ञेय उपादेय
૬. स्म અવ્યયના યોગમાં હ્યસ્તનીના સ્થાને વર્તમાના થાય. धर्ममाचरति स्म

## વ્યંજનાંત ધાતુઓ માટે

૧. ૩ જો કે ૪ થો વ્યંજન પર રહેતાં પૂર્વમાં ધુટ્ નો ત્રીજો.. मज्जति
૨. પદની અંદર રહેલા म् અને न् નો પાછળના વ્યંજનના વર્ગનો અનુનાસિક. मुञ्चति
૩. વર્ગીય ૪ થા પછી પ્રત્યયના त् અને थ् નો ध्. लब्ध
૪. વ્યંજન પછી રહેલ ધુટ્ નો સ્વધુટ્ પર છતાં વિકલ્પે લોપ. रुन्द्धि रुन्धि
૫. ध કારાદિ પ્રત્યયો લાગતાં ધાતુના અન્ત્ય स् ના વિકલ્પે લોપ. हिनद्धि हिन्धि ।
૬. ष् કે ढ् પછી स કારાદિ પ્રત્યય આવે તો ष्, ढ् નો क्. पिनक्षि, तृणेक्षि
૭. ધુટ્ વ્યંજન પછી हि નો धि. अड्ढि
૮. વ્યંજન પછી હ્ય. ના स् द् લોપાય. તે વખતે ધાતુના અંત્ય स् द् કે ध् નો દ્વિ.પુ.એ.વ. માં વિકલ્પે र्. અને स् નો ૩ પુ.એ.વ.માં द् થાય. अरुणत् अरुणद् अरुणः
૯. यज् सृज् मृज् राज् भ्राज् भ्रस्ज् व्रश्च् परिव्राज् ના અંત્ય વ્યંજનનો ष् થાય તાલવ્ય श् અંતવાળા ધાતુઓના श् નો પણ ष्. इष्ट सृष्टि उपदिष्ट

## ૧૦. ધુટ્ વ્યંજનાદિ પ્રત્યયો પર છતાં તથા પદાન્તે

૧. ह નો ढ्. मुह् + त = मुढ् + त
૨. मुह्, द्रुह् स्नुह् स्निह् ના ह् નો વિકલ્પે ध. मुग्ध
૩. द् આદિવાળા (दह्, दिह्, दुह् વગેરે ) માં નક્કી ध. दुग्ध दग्ध
૪. नह् ના ह् નો ध. नध्द
૫. च અને ज् નો क् અને ग्. रिच् = अरिणक् रूज् = रूग्ण
૬. नश् નો नंश्. नंष्टुम्
૭. मस्ज् નો मञ्ज्. मङ्क्तुम्
૮. सृज् दृश् નો स्रज् द्रश्. स्रष्टुम् द्रष्टुम्
૯. स्पृश्, मृश्, कृष्, तृप्, दृप्, सृप् માં વિકલ્પે अ ઉમેરાય. स्रष्टुम्, स्पर्ष्टुम्

} कित् ન હોય તો दृष्टवा, स्पृष्ट सृष्टि

૧૦. छ् નો श् અને व् નો ऊ (ऊट्). प्रच्छ् - पृष्ट, दिव - द्यूत
૧૧. સંયુક્ત વ્યંજનના પ્રથમાક્ષર તરીકે ष् કે क् લોપાય. भ्रष्टुम् चक्षे

૧૧. ग् ङ् द् ब् થી શરૂ થતા ધાતુઓમાં ચોથો વ્યંજન અંત્યમાં હોય. सादि કે ध्वादि પ્રત્યયો લાગેલા હોય અથવા પદાન્તે હોય. તો ग् ङ् द् ब् ના સ્થાને પછીનો વ્યંજન થાય. धोक्षि - अधोक्. ग्

## त કારાદિ કિત્ (क्त क्तवतु क्त्वा क्ति) અંગે વિશેષ નિયમો

૧. यम् रम् नम् गम् हन् मन् અને तनादि માં અંત્ય વ્યંજનનો લોપ.
   गत नत्वा विरति
૨. दा નો दत् અને धा ના हि. दत्त हित्वा
૩. दो सो मा स्था ना आ नो इ. दित स्थिति. शो માં शितः शातः
૪. खन् सन् जन् માં न् નો आ. खात जात
૫. કર્મણિ પ્રકરણમાં થતું તે તે ધાતુઓનું य्वृत् વિધાન. इष्ट उक्त
૬. ઉપાન્ત્ય न् અનુસ્વાર કે અનુનાસિક લોપાય (उदित् સિવાય) ध्वंस् ध्वस्त
   उदित् ધાતુઓ आ + शंस् कम्प् क्रन्द् काङ्क्ष् खण्ड् चुम्ब् चिन्त् जृम्भ् नन्द् निन्द् मण्ड् लङ्ध् लम्ब् लिङ्ग् वन्द् वाग्छ् शङ्क् स्पन्द् हिंस् ઈત્યાદિ...
૭. સેટ્ અનિટ્ વેટ્ ધ્યાનમાં લેવું.
૮. વ્યંજન સંધિઓ તથા સ્વરાંત વ્યંજનાંતના સામાન્ય નિયમો પણ ધ્યાનમાં લેવા.

### त तवत् પ્રત્યયના ફેરફાર :

૧. सू.दू दी धी मी री ली डी व्री = ૯ ધાતુઓથી त નો न. सू-सूनवत्
૨. र् અને द् પછી પણ न. पूर्णः तीर्णः उत्पन्नः. ધાતુના द् નો પણ न.
૩. पृ સિવાય દીર્ઘ ऋ કારાન્ત તથા નવમા ગણના ल्वादि ધાતુઓથી પણ न. (क्त ના त નો પણ न) जीर्णः लूनः पूर्तः
૪. व्रश्च् थी ण, क्षै थी म, पच् थी व, शुष् थी क, रूज् थी ण,
   वृक्ण रूग्ण क्षाम पक्व शुष्क

## ૫. બાકીના ગણો :

પ્રથમ વિભાગમાં ૧-૪-૬-૧૦ એમ ૪ ગણનાં રૂપો બતાવ્યાં હવે બાકીના ગણોનાં એ જ ૪ કાળનાં રૂપો બતાવાય છે પ્રત્યયોમાં અહીં થોડો તફાવત પડે છે. જે બરાબર ધ્યાનમાં લેવા...

### वर्तमाना :

| | | | | | |
|---|---|---|---|---|---|
| मि (मिव्) | वस् | मस् | ए | वहे | महे |
| सि (सिव्) | थस् | थ | से | आथे | ध्वे |
| ति (तिव्) | तस् | अन्ति | ते | आते | अन्ते |

### ह्यस्तनी :

| | | | | | |
|---|---|---|---|---|---|
| अम् (अम्व्) | व | म | इ | वहि | महि |
| स् (सिव्) | तम् | त | थास् | आथाम् | ध्वम् |
| द् (दिव्) | ताम् | अन् | त | आताम् | अन्त |

सप्तमी

| | | | | | |
|---|---|---|---|---|---|
| याम् | याव | याम | ईय | ईवहि | ईमहि |
| यास् | यातम् | यात | ईथास् | ईयाथाम् | ईध्वम् |
| यात् | याताम् | युस् | ईत | ईयाताम् | ईरन् |

पंचमी

| | | | | | |
|---|---|---|---|---|---|
| आनि (आनिव्) | आव (आवव्) | आम (आमव्) | ऐ (ऐव्) | आवहै (आवहैव्) | आमहै (आमहैव्) |
| हि | तम् | त | स्व | आथाम् | ध्वम् |
| तु (तुव्) | ताम् | अन्तु | ताम् | आताम् | अन्ताम् |

ઉપરોક્ત તમામ પ્રત્યયોને શિત્ સંજ્ઞા આપવામાં આવેલી છે. તેમાં व् ઈત્ વાલા ૧૩ પ્રત્યય વિત્ શિત્ અને બાકીના અવિત્ શિત્ જાણવા.

અવિત્ શિત્ ङित् બની જાય. (અવિત્ શિત્ ङित्)

अन्ते, अन्ताम, अन्त માંથી न् લોપાય

## ૫ મો ગણ

स्वादि.... વિકરણ नु (श्नु)..... અવિત્ શિત્... ધાતુમાં ગુણ નહિ થાય...

સ્વરાંત ધાતુઓમાં ૧. मादि वादि પ્રત્યયમાં नु નો उ વિકલ્પે લોપાય..
चिनुवः चिन्वः, चिनुमः चिन्मः
૨. સ્વરાદિ અવિત્ શિત્ માં नु ના उ નો व्. चिन्वन्ति
૩. આજ્ઞાર્થમાં हि નો લોપ. चिनु

વ્યંજનાંત ધાતુઓમાં ૧. સ્વરાદિ અવિત્ માં उ નો उव्... शक्नुवन्ति
૨. શેષ રૂપો સીધે સીધા પ્રત્યયો લગાડવાથી થશે...

## ૮ મો ગણ

तनादि.... વિકરણ उ..... શિત્ જ નથી..... ધાતુમાં ગુણ થશે.

- આ ગણમાં બધા જ ધાતુઓ વ્યંજનાંત છે. उ લાગતાં तन् નું तनु, वन् - वनु ઈત્યાદિ અંગ તૈયાર થશે.
- આ અંગને ૫ મા ગણના સ્વરાંત ધાતુના ત્રણેય નિયમો લાગશે.
  तनोमि तन्वः तनुवः, तन्वन्ति, तनु
- कृ ધાતુ જે પહેલો ગણ હોવા છતાં વિકરણ उ લાગે છે તેથી તેનાં રૂપો આ ગણમાં થશે. જેમાં થોડો તફાવત છે જે આ પ્રમાણે –
  ૧. તમામ પ્રત્યયોમાં कृ નો ગુણ करोमि

२. मादि वादि अने यादि અવિત્ શિતમાં उ નો લોપ... कुर्मः कुर्वः, कुर्यात्

३. ગુણ થયે અવિત્ માં अ નો उ. कुरुथः कुरुतः

સારાંશ આ આવ્યો.. વિત્ માં करो, मादि वादि यादि માં कुर् શેષ અવિત્માં कुरु.

## ૯ મો ગણ

क्रीआदि.... વિકરણ ना(श्ना).... અવિત્ શિત્.. ગુણ નહિ...

१. વ્યંજનાદિ અવિત્ શિત્ માં श्ना નો आ નો इ.. क्रीणिवः

२. સ્વરાદિ અવિત્ શિત્ श्ना નો आ નો લોપ. क्रीणन्ति

३. વ્યંજનાંત ધાતુમાં श्ना + हि નો आन.. पुषाण, गृहाण

४. पू વગેરે ધાતુઓનો સ્વર હ્રસ્વ – पुनाति लुनाति...

## ૭ મો ગણ

रूधादि.... વિકરણ न (श्न).... અવિત્ શિત્... ગુણ નહિ...

१. આ ગણમાં તમામ ધાતુઓ વ્યંજનાંત છે...

२. વિકરણ અન્ત્ય વ્યંજનની પૂર્વે લાગે.. पिष्, पिनष्

३. ધાતુમાં અનુસ્વાર કે અનુનાસિક હોય તો લોપાઇ જાય. अग्ज्, अनज्

४. અવિત્ પ્રત્યયોમાં श्न નો अ લોપાય. अनज् + वः अञ्ज्वः

५. तृह् ધાતુમાં માં વિત્ માં श्न પછી इ ઉમેરોય. तृणेह्मि

६. વ્યંજન સંધિના તથા પૂર્વે બતાવેલા વ્યંજનાંત ધાતુઓના ખાસ નિયમો ધ્યાનમાં રાખવા.. બીજા ગણમાં પણ...

## ૨ જો ગણ

अदादि... વિકરણ નથી... વ્યંજન સંધિના તથા વ્યંજનાંતના ખાસ નિયમો લાગશે.

| | ધાતુ | કયા રૂપમાં શું ફેરફાર ? | રૂપો.. |
|---|---|---|---|
| १. | अद् | હ્ય. ભૂ. स् त् પૂર્વે अ ઉમેરાય | आदः आदत् |
| २. | द्विष् | अन् નો उस् (पुस्) વિકલ્પે | अद्विषन् अद्विषुः |
| ३. | आ કારાન્ત | अन् નો उस् (पुस्) વિકલ્પે | अयुः अयान् |
| ४. | उ કારાન્ત | વ્યં. વિત્ માં उ નો औ | यौति |
| ५. | तु रू स्तु | વ્યં. વિત્ મા વિકલ્પે ई ઉમેરાય | तवीति तौति |
| ६. | ब्रू | વ્યં. વિત્ મા નિત્ય ई ઉમેરાય<br>વર્ત. માં — आत्थ आहथुः-<br>आह आहतु आहुः | ब्रवीति |
| ७. | सू | વિત્ માં પણ ગુણ ન થાય | सुवै |

| | ધાતુ | કયા રૂપમાં શું ફેરફાર ? | રૂપો.. |
|---|---|---|---|
| ૮. | शी | ૧. સર્વત્ર ગુણ થાય. | शेते |
| | | ૨. अन्ते अन्त अन्ताम् નો रते रत रताम् આદેશ | शेरते |
| ૯. | इ | સ્વરાદિ અવિત્ માં इ નો य् | यन्ति |
| ૧૦. | रुद् स्वप् | ૧. વ્યં. વિત્ માં इ ઉમેરાય | रोदिमि |
| | श्वस् अन् | ૨. स् त् પૂર્વે अ અને ई ઉમેરાય. | अरोदः अरोदीः |
| ૧૧. | जक्ष् | ૧. स् त् પૂર્વે अ અને ई ઉમેરાય. | अजक्षः अजक्षीः |
| | | ૨. अन्ति-अन्तु, अति-अतु, अन् નો उस् (पुस्) | जक्षति अजक्षुः |
| ૧૨. | दरिद्रा | ૧. अन्ति–अन्तु, अति-अतु, अन् नो उस् (पुस्) | दरिद्रति अदरिद्रुः |
| | | ૨. વ્યં. અવિત્ માં आ નો ई | दरिद्रितः |
| | | ૩. સ્વરાદિમાં आ નો લોપ. | दरिद्रति |
| ૧૩. | जागृ | ૧. अन्ति अन्तु अन् નો अति अतु उस् | जाग्रति |
| | | ૨. उस् (पुस्) માં ગુણ | अजागरुः |
| ૧૪. | चकास् | ૧. अन्ति अन्तु अन् નો अति अतु उस् | चकासति |
| | | ૨. हि નો धि | चकाद्धि |
| ૧૫. | शास् | ૧. अन्ति अन्तु अन् નો अति अतु उस् | शासति अशासुः |
| | | ૨. વ્યં. અવિત્ आ નો इ. | शिष्ट शिष्ठः |
| | | ૩. हि પ્રત્યયમાં शाधि રૂપ | शाधि |
| ૧૬. | मृज् | ૧. વિત્ માં ગુણ ને બદલે વૃદ્ધિ | मार्ज्मि |
| | | ૨. સ્વરાદિ અવિત્ માં વિકલ્પે વૃદ્ધિ | मृजन्ति मार्जन्ति |
| ૧૭. | विद् | ૧. अन् નો उस् (મતાંતરે વિકલ્પે) | अविदुः |
| | | ૨. વર્ત તથા આજ્ઞાર્થમાં વિશેષ રૂપો પણ થાય છે. જે નીચે બતાવ્યાં છે. | |
| ૧૮. | हन् | ૧. ધુટ્ વ્યં. અવિત્ માં न् લોપાય. | हतः हथः |
| | | ૨. સ્વરાદિમાં અવિત્માં घ्न થાય | घ्नन्ति |
| | | ૩. हि પ્રત્યયમાં जहि થાય. | जहि |
| ૧૯. | वश् | ક્તિ ઙિત્ માં व् નો उ. | उस्वः |
| ૨૦. | ईश् ईड् | વર્ત से ध्वे આજ્ઞાર્થ स्व ध्वम् માં इ ઉમેરાય. | ईशिषे ईशिध्वे |
| ૨૧. | अस् | ૧. અવિત્માં ધાતુના अ નો લોપ. | स्वः |
| | | ૨. सि લાગતાં ધાતુના स् નો લોપ. | असि |
| | | ૩. स्, त् માં ई ઉમેરાય. | आसीः आसीत् |
| | | ૪. हि પ્રત્યયમાં एधि રૂપ | एधि |

विद् નાં અનિયમિત રૂપો

| | | | |
|---|---|---|---|
| વર્ત. वेद | विद्व | विद्म | આજ્ઞાર્થમાં आम् લગાડી कृं નાં આજ્ઞાર્થ રૂપો જોડવાં |
| वेत्थ | विदथुः | विद | विदाङ्करवाणि विदाङ्करवाव विदाङ्करवाम |
| वेद | विदतुः | विदुः | ઈત્યાદિ |

## ૩ જો ગણ

हुवादि... વિકરણ નથી... પ્રત્યયો સીધે સીધા લાગે...

- આ ગણમાં ધાતુ બેવડાય. જેને દ્વિત્વ દ્વિરૂક્તિ દ્વયુક્ત કે અભ્યાસ કહેવાય.
- દ્વિત્વ થયેલો ધાતુ આગળ મૂકાય.
- દ્વિત્વ ધાતુઓથી : ૧. अन्ति अन्तु अन् નો अति अतु, उस् થાય.
  ૨. અન્ત્ય आ લોપાય. વ્યંજનાદિ અવિત્માં इ થાય.
- દ્વિત્વ ધાતુઓમાં નીચે પ્રમાણે ફેરફરો થાય. જે પરોક્ષાદિમાં પણ ઉપયોગી છે.
  ૧. સ્વર હ્રસ્વ થાય. हाहा हहा
  ૨. क् નો च्, ग् અને ह् નો ज् થાય. चकार जहाति
  ૩. બીજાનો પહેલો અને ૪ થા નો ત્રીજો થાય. भीभी बिभी
  ૪. ऋ નો अ થાય. चकार
  ૫. અનાદિ વ્યંજનનો લોપ થાય. ह्रीह्री हिह्री
  ૬. શિટ્ પછી અઘોષ હોય તો શિટ્ લોપાય અને અઘોષ બેવડાય. पस्पर्श
  ૭. દ્વિત્વ થયા બાદ ધાતુના जि નો गि, हि અને हन् ના ह् નો घ्,
  चि નો વિકલ્પે की થાય. जिगाय, जिघाय, जघान, चिचाय, चिकाय.

***૨ જા ગણની જેમ અહીં પણ જે ફેરફારો છે. તે આ પ્રમાણે...***

| | ધાતુ | કયા રૂપમાં શું ફેરફાર ? | રૂપો.. |
|---|---|---|---|
| ૧. | हु | ૧. उस् (पुस्) સિવાયના સ્વરાદિ પ્રત્યયોમાં उ નો व् | जुहवति |
| | | ૨. उस् (पुस्) માં ગુણ. | अजुहवुः |
| | | ૩. हि નો घि | जुहुधि |
| ૨. | हा | વ્યં. અવિત્માં હ્રસ્વ इ પણ થાય. | जहितः जहीतः |
| | | य કારાદિ શિત્માં आ નો લોપ. | जहयात् |
| | | हि પ્રત્યયમાં आ પણ રહે. એટલે કે आ.इ.ई થાય. | जहाहि, जहिहि, जहीहि |
| ૩. | भी | વ્યં. અવિત્ માં ધાતુનો ई વિકલ્પે હ્રસ્વ. | बिमितः बिभीतः |
| ૪. | ह्री | સ્વ. અવિત્ માં ધાતુના इ નો इय् | जिह्रियति |

| | ધાતુ | કયા રૂપમાં શું ફેરફાર ? | રૂપો.. |
|---|---|---|---|
| ૫. | पृ.ऋ.भृ. मा हा | દ્વિત્વના સ્વર નો इ થાય. પણ ऋ ધાતુમાં इय् થાય. | पिपर्मि, इयर्मि मिमे. |
| ૬. | दा | हि પ્રત્યયમાં दा નો दे થાય. | देहि |
| ૭. | धा | हि પ્રત્યયમાં धा નો धे થાય<br>અવિત્ પ્રત્યયોમાં दध् અંગ. त् थ् स् ध्व થી શરૂ થતા પ્રત્યયોમાં धध् અંગ. | धेहि<br>दध्वः धत्थः |
| ૮. | निज् विज् विष् | ૧. સર્વત્ર દ્વિત્વ ના इ નો ए કરવો.<br>૨. સ્વરાદિ વિત્ શિત્ માં ગુણ ન થાય. | नेनेज्मि<br>अनेनिजम् नेनिजानि |

## ૬. કર્મણિના વિશેષ નિયમો

य(क्य) પ્રત્યય.... ગુણ નિષેધ...

કર્મણિ ભાવેનું સામાન્ય વિધાન વિભાગ ૧ માં કરેલુ છે, તે જ અંગેના વિશેષ નિયમો અહીં બતાવાય છે.

૧. ધાતુનો અંત્ય હ્રસ્વ દીર્ઘ થાય. जीयते

૨. गा. (गै) पा (पिब्) स्था, सा, दा સંજ્ઞક मा અને हा માં आ નો ई થાય. गीयते

૩. હ્રસ્વ ऋ કારાન્ત ऋ નો रि થાય. कृ - क्रियते

૪. સંયોગ પછી ऋ નો ગુણ. स्मृ - स्मर्यते

૫. ऋ (ऋच्छ) અને जागृ નો ગુણ. अर्यते, जागर्यते

૬. દીર્ઘ ॠ કારાન્તના ॠ નો ईर्, ઓષ્ઠ્ય વ્યંજન પછી ऊर्. जॄ = जीर्यते पूर्यते

૭. रवन् सन् जन् ના न् નો વિકલ્પે आ. रवायते, रवन्यते

૮. यजादि (यज् व्ये वे हवे श्वि वप् वह् श्वि वद् वस्) वच् वश् स्वप् ज्या व्यध् ग्रह् व्रश्च् भ्रस्ज् અને प्रच्छ् ધાતુઓમાં વ્યૃત્ થાય.
   - य् નો इ, व् નો उ, र् નો ऋ થાય તેને વ્યૃત્ કહેવાય.
   - સ્વરસહિત અંતસ્થાનું વ્યૃત્ થાય..
   - वे સિવાય અંત્ય વ્યૃત્ દીર્ઘ થાય.

૯. शी નો शय् અને शास् નો शिष्, शय्यते शिष्यते

૧૦. अस् નો भू. ब्रू નો वच्. भ्रस्ज् નો વિકલ્પે भर्ज् આદેશ भूयते उच्यते, भृज्ज्यते

૧૧. ઉપાન્ત્ય न् અનુસ્વાર કે અનુનાસિક લોપાય. (उदित् ધાતુઓ સિવાય) भ्रंश् भ्रश्यते

## દ્વિકર્મક ધાતુઓ...

दुह् भिक्ष् रूध् चि ब्रू शास् याच् जि दण्ड् मथ् વગેરે.. नी हृ कृष् वह् વગેરે કર્મણિમાં दुहादिना ગૌણ કર્મને અને न्यादि ના મુખ્ય કર્મને પ્રથમા મૂકાય.

## વર્તમાન કૃદન્તો... શેષ ગણોમાં

| ગણ | પરસ્મૈપદ | સ્ત્રીલિંગ અંગ | આત્મનેપદ | કર્મણિ |
|---|---|---|---|---|
| ૫. | शक्नुवत् | शक्नुवती | अश्नुवान | शक्यमान |
| ૮. | तन्वत् | तन्वती | तन्वान | तन्यमान |
| | कुर्वत् | कुर्वती | कुर्वाण | क्रियमाण |
| ૯. | क्रीणत् | क्रीणती | क्रीणान | क्रीयमाण |
| ૭. | रुन्धत् | रुन्धती | रुन्धान | रुध्यमान |
| 卐 ૨. | यात् | याती यान्ती | सुवान | यायमान |
| | स्तुवत् | स्तुवती | सुवान | स्तूयमान |
| ૩. | जुह्वत् | जुह्वती | ददान | हूयमान दीयमान |

卐 ૧. जक्षत् दरिद्रत् जाग्रत् चकासत् शासत् ધુટ્ પ્રત્યયાદિમાં न् લાગતો જ નથી.

૨. આ કારાન્ત ધાતુઓમાં अ વર્ણ હોવાથી સ્ત્રીલિંગનો ઈ (ङी) અને ન.પુ. પ્ર. દ્વિ દ્વિવચનમાં વિકલ્પે अत् નો अन्त् થશે. બાકીના ઉપરોક્ત ગણોમાં ઈ (ङी) અને નપું માં. अत् નો अन्त् નહિ થાય.

૩. જા ગણમાં સર્વત્ર अत् નો अन्त् થશે જ નહિ. जक्षत् પ્રમાણે.

## ગણકાર્ય રહિત કાળો

❀ વર્તમાનાદિ ચાર કાળમાં દરેક ગણમાં અલગ અલગ વિકરણ લાગતા હતા અને દરેક ગણનાં રૂપો જુદી જુદી રીતે થતાં હતાં... હવે બાકીના છ કાળોમાં કોઈપણ ધાતુને કોઈપણ વિકરણ લાગતો નથી. માટે ગણ વ્યવસ્થા યાદ કરવાની જરૂર નથી. ફક્ત પરસ્મૈપદ આત્મનેપદ યાદ રાખવાનાં રહેશે.

❀ ભવિષ્યકાળ બે રીતે છે. આવતીકાલનો અને સામાન્ય.. આવતીકાલનો ભવિષ્ય બતાવવા શ્વસ્તની વપરાય અને આજના તેમજ આવતીકાલાદિના ભવિષ્ય માટે ભવિષ્યન્તી વપરાય. તેવી જ રીતે ભૂતકાળ ત્રણ પ્રકારના છે. ગઈકાલાદિના ભૂતકાળ માટે હયસ્તની. આજના ભૂતકાળ માટે અદ્યતની. અને લાંબા ભૂતકાળ માટે, આંખે નહિ દેખ્યા ભૂતકાલ માટે, પરોક્ષા વપરાય. આશીર્વાદ કે શુભેચ્છા વ્યક્ત કરવા માટે આશીઃ વપરાય.

❀ જો અને તો બતાવતા ભવિષ્ય કે ભૂતની ક્રિયા અધુરી રહી હોય કે રહેવાની હોય તો ક્રિયાતિપત્તિનો પ્રયોગ થાય. જો તેણે પથ્યનું સેવન કર્યું હોત તો રોગ ન થાત... જો કપિલા દાન આપશે તો શ્રેણિકની નરક ટળશે.

❀ આ કાળોમાં રૂપો કરવા માટે સેટ્ અનિટ્ વેટ્ વ્યવસ્થા જાણવી અત્યંત જરૂરી છે.

## ૭.સેટ્ અનિટ્ વેટ્ પ્રકરણ :

સ્ કારાદિ અને ત્ કારાદિ પ્રત્યયોની પહેલાં જે ધાતુઓને इ લગાડવામાં આવે ધાતુ સેટ્ તરીકે ઓળખાય. इ ન લગાડાય તે અનિટ્ અને વિકલ્પે इ લગાડાય તે વેટ્ તરીકે ઓળખાય... જે નીચેના કોષ્ટકથી જણાશે...

**ધાતુ**

- સ્વરાંત
  - એકસ્વરી → અનિટ્ (સેટ્ કારિકામાં બતાવેલા સિવાયના)
  - અનેકસ્વરી → તમામ સેટ્
- વ્યંજનાંત
  - એકસ્વરી → સેટ્ (અનિટ્ કારિકામાં બતાવેલ ૧૦૨ સિવાયના)
  - અનેકસ્વરી → સેટ્

**૧. સેટ્.... સ્વરાન્ત**

श्वि-श्रि-डी-शी-यु-रू-क्षु-क्ष्णु, णु-स्नुभ्यश्च वृगो वृङ.: ।
ऊद्दृदन्त-युजादिभ्य:, स्वरान्ता घातवोऽपरे ॥ १ ॥

**૨. વ્યંજનાન્ત.... અનિટ્ (કારિકા)**

पाठे एकस्वराः स्युर्येऽनुस्वारेत इमे स्मृताः ।
द्वि-विधोऽपि शकिश्चैव, वचि-रिची पचिः ॥ २ ॥
सिश्चति मुंचिरतोऽपि पृच्छति, भ्रंस्जि-मस्जि-भुजयो युजि यंजिः ।
ष्वञ्जि-रञ्जि-रूजयो णिजि विंजृ षञ्जि-भञ्जि-भजयःसृजि-त्यजी ॥ ३ ॥
स्कन्दि-विद्य-विद्लृ-विन्तयो नुदिः,
स्विद्यतिः शदि-सदी भिदिच्छिदी ।
तुद्यदी पदि-हदी खिदि-क्षुदी,
राधि-साधि-शुधयो युधि-व्यधी ॥ ४ ॥
बन्धि-बुध्य-रुधयः क्रुधि-क्षुधी,
सिध्यतिस्तदनु हन्ति - मन्यती ।
आपिना तपि-शपि-क्षिपि-च्छुपो,
लुम्पतिः सृपि - लिपी वपि-स्वपी ॥ ५ ॥
यभि-रभि-लभि-यमि-रमि-नमि-गमयः
क्रुशि-लिशि-रुशि-रिशि-दिशति-दशयः ।
स्पृसि-मृशति-विशति-दृशि-शिष्लृ-शुषयस्

त्विषि-पिषि - विष्लृ-कृषि-तुषि-दुषि-पुषयः ॥ ६ ॥
लिष्यति द्विषिरतो घसि-वसती,
रोहति लुहि-रिही अनिड्गदितौ ।
देग्धि-दोग्धि-लिहयो मिहिवहती
नह्यति दहिरिति स्फुटमनिटः ॥ ७ ॥

## २. वेट धातुओ

धू ग. ५. ९. १०. (युजादि), सू ग. २. ४. स्वृ, व्रश्च्, मृज् ग. २. १०. (युजादि) अञ्ज् तञ्च्, स्यन्द् क्लिद्, रध् सिध् ग. १. परस्मै. (शास्त्रनी आज्ञा करवी, मंगळ कार्य करवुं, आ बे अर्थमां ज). तृप् दृप् त्रप् कृप् गुप्,
क्षम्, नश् अश् ग. ५. क्लिश्, अक्ष् तक्ष् त्वक्ष्, मुह् द्रुह् स्नुह् स्निह् गुह् गाह् ग्लाह् तृह् तृंह् वृह् स्तृह् स्तृंह्

### बीजी रीते सेटादिनी ओळखाण

| स्वरांत | सेट् | अनिट् |
|---|---|---|
| आ कारान्त | ० | तमाम |
| इ कारान्त | श्वि. श्रि = २ | बाकीना जि वगेरे |
| ई कारान्त | डी. शी = २ | " क्री " |
| उ कारान्त | यु.रू.क्षु क्ष्णु<br>नु. स्नु = ६ | " तु.स्तु रु. " |
| ऊ कारान्त | तमाम | -- |
| ऋ कारान्त | वृ आ.उभय-२ | " सृ.स्मृ. वगेरे |
| ॠ कारान्त | तमाम | -- |
| सन्ध्यक्षरांत | ० | तमाम |

- दशमा गणना तमाम धातुओ
- प्रेरक ईच्छादार्शक यङ.न्त, यङ्.लुबन्त, नाम धातुओ
- दरिद्रा, चकास्. जागृ वगेरे अनेकस्वरी तमाम धातुओ.
- युजादि तमाम धातुओ.
- १०२ सिवायना व्यंजनांत तमाम धातुओ.. सेट् जाणवा
- ३५ धातुओ वेट् जाणवा...

### ८. श्वस्तनी भविष्यन्ती क्रियातिपत्ति

| श्वस्तनी.. | | परस्मै० | | आत्मने० | |
|---|---|---|---|---|---|
| तास्मि | तास्वस् | तास्मस् | ताहे | तास्वहे | तास्महे |
| तासि | तास्थम् | तास्थ | तासे | तासाथि | ताध्वे |
| ता | तारौ | तारस् | ता | तारौ | तारस् |

**भविष्यन्ती**

| | | | | | |
|---|---|---|---|---|---|
| स्यामि | स्यास्वस् | स्यास्मस् | स्ये | स्यावहे | स्यामहे |
| स्यसि | स्यथस् | स्यथ | स्यसे | स्येथे | स्यध्वे |
| स्यति | स्यतस् | स्यन्ति | स्यते | स्येते | स्यन्ते |

**क्रियतिपत्ति**

| | | | | | |
|---|---|---|---|---|---|
| स्यम् | स्याव | स्याम | स्ये | स्यावहि | स्यामहि |
| स्यस् | स्यतम् | स्यत | स्यथाम् | स्येथाम् | स्यध्वम् |
| स्यत् | स्यताम् | स्यन् | स्यत | स्येताम् | स्यन्त |

- આ પ્રત્યયો कित् ङित् સિવાયના છે.. માટે ગુણ થશે. भुज्-भोक्ता
- આ પ્રત્યયો લાગતાં સેટ્ ધાતુઓને इ લાગશે... भणितास्मि
- અનિટ્ માં इ નહિ લાગે... સ્વરાંત ધાતુઓમાં ગુણ... વ્યંજનાંતમાં વ્યંજનસંધિ ઉપર ધ્યાન આપવું. સ્વરાંત વ્યંજનાન્તના વિશેષ નિયમો પણ ધ્યાનમાં રાખવા दग्धास्मि, धक्ष्यामि...
- વેટ્ ધાતુઓને इ લાગીને અને इ લાગ્યા વગર એમ બન્ને પ્રકારનાં રૂપો થાય. धू - धोतास्मि धवितास्मि.
- ग्रह् ધાતુથી સેટ્નો इ પરોક્ષા સિવાય બધે જ દીર્ઘ થાય. ग्रहीष्यामि
- ગણકાર્ય રહિતના છ એ કાળોમાં अस् નો भू ब्रू નો वच् અને भ्रस्ज् નો વિકલ્પે भर्ज् થાય. अस् - भविता, ब्रू - वक्ता, भ्रस्ज् - भ्रष्टा, भर्ष्टा
- सह् અને वह् ધાતુમાં इ ન લાગ્યો હોય તો સંધિઓ દરમ્યાન अ નો ओ થાય. सोढा वोढा
- वृत् स्यन्द् वृध् અને शृध् ભવિ. ક્રિયા. માં ઉભયપદી છે.
- कृप् ત્રણેય કાળમાં ઉભયપદી છે.
- આ ત્રણ કાળોમાં इट् અંગેના કેટલાક અપવાદો છે. જે નીચેના કોષ્ટકથી સમજાશે..

| ધાતુ | શ્વસ્તની | ભવિ. ક્રિયા. |
|---|---|---|
| सह् लुभ् इष्, रूष् रिष् | વેટ્ | સેટ્ |
| हन् | અનિટ્ | સેટ્ |
| ऋ કારાન્ત | અનિટ્ | સેટ્ |
| कृत् चृत् नृत् छृद् तृद् ५ | સેટ્ | વેટ્ |

| | | |
|---|---|---|
| गम् | અનિટ્ | પરસ્મૈ. સેટ્ આત્મને. અનિટ્ |
| स्नु क्रम् | પરસ્મૈ. સેટ્ આત્મને, અનિટ્ | પરસ્મૈ. સેટ્ આત્મને. અનિટ્ |
| वृत् वृध् शृध् ३ | અનિટ્ | પરસ્મૈ. અનિટ્ આત્મને. સેટ્ |
| स्यन्द् | વેટ્ | પરસ્મૈ. અનિટ્ આત્મને. વેટ્ |
| कृप् | પરસ્મૈ. અનિટ્ આત્મને. વેટ્ | પરસ્મૈ. અનિટ્ આત્મને. વેટ્ |

## છએ કાળમાં કર્મણિ-ભાવે

છ એ કાળમાં કર્મણિ ભાવે ફક્ત આત્મનેપદ કરવાથી થાય. नम् - नन्ताहे
અદ્યતની ૩. પુ એ.વ. માં થોડો તફાવત છે જે ત્યાં બતાવાશે...
પરોક્ષા સિવાયના પાંચ કાળોમાં... સ્વરાંત તથા ग्रह्, दृश् અને हन् ધાતુઓમાં વિકલ્પે इ (ञिट्) લાગે. વૃદ્ધિ થઈ શકે. भाविता भविता, ग्राहीता ग्रहीता
इ (ञिट्) લાગતાં आ કારાન્ત ધાતુઓના आ નો ऐ થાય. અને हन् નો घन् થાય. पायिता, घानिता

**ભવિષ્ય કૃદન્ત :** પરસ્મૈ૦ માં स्यत् અને આત્મને પદમાં स्यमान પ્રત્યયો લાગે... જે ધાતુનું જે રીતે ભવિષ્યન્તી થાય છે તેવી જ રીતે અહીં પણ કરવું.
गम्-गमिष्यत् गमिष्यमान

## ९ પરોક્ષા :

ભૂતકાળ બતાવે... ધાતુ બેવડાય...

| | | | | | |
|---|---|---|---|---|---|
| ℱ अ (णव्) | व | म | ए | वहे | महे |
| थ (थव्) | अथुस् | अ | से | आथे | ध्वे |
| अ (णव्) | अतुस् | उस् | ए | आते | इरे |

ℱ વિકલ્પે (णित्) જાણવા. શેષ પ્રત્યયો कित् જાણવા. (અવિત્ પરોક્ષા કિત્)

- સંયુક્ત વ્યંજનાંત ધાતુઓમાં કિત્ ન થાય. તેમાં પણ इन्ध માં થાય. अञ् માં વિકલ્પે થાય..
- कृ. सृ वृ भृ स्तु द्रु श्रु અને स्त्रु આ ૮ ધાતુઓ સિવાયના તમામ ધાતુઓને પરોક્ષાના વ્યંજનાદિ પ્રત્યય પૂર્વે इ ઉમેરાય.
- थ (थव्) પ્રત્યયની બાબતમાં થોડી ભિન્નતા છે.
  १. સ્વરાંત અનિટ્ ધાતુઓ... અનિટ્ કારિકામાંના अ વાળા ધાતુઓ सृज् અને दृश् ધાતુમાં વિકલ્પે લાગે.
  २. ऋ અને वृ સિવાયના હ્રસ્વ ऋ કારાન્ત ધાતુઓને લાગતો જ નથી
  ३. ऋ. वृ. व्ये અને अद् ચાર ધાતુઓને નક્કી લાગે.

***નોટ : જ્યારે इ ન લાગે ત્યારે વ્યંજનાંતના નિયમો ધ્યાનમાં લેવા...***

- र् અંતવાળા કે નામિ અંતવાળા ધાતુઓથી નક્કી અને ह् કે અંતસ્થા અંતવાળા ધાતુઓથી વિકલ્પે ધ નો ઢ થાય. (પરોક્ષા અદ્યતની આશીઃમાં) चकृढवे जगृहिध्वे जगृहिढवे
- આ કાળમાં કેટલાક કેટલાક ધાતુઓનાં રૂપો જુદી જુદી રીતે થાય છે તેથી સરળતા માટે તેના છ વિભાગ કરીને બતાવ્યા છે...

**૧) દ્વિત્વવિધાન**
१. દ્વિરૂક્તિના નિયમાનુસાર ધાતુની દ્વિરુક્તિ થાય.
२. મોટા ભાગના ધાતુઓ આ વિભાગમાં જ આવશે.

**૨) આકારાન્ત ધાતુઓ માટે**
१. अ (णव्) નો औ થાય. पपौ
२. સ્વરાદિ પ્રત્યયોમાં ધાતુનો आ લોપાય. पपिव, पपिम

**૩) અ થી શરૂ થતા સંયુક્ત ધાતુઓ માટે** ( अर्च् अर्ह् अञ् વગેરે)
१. દ્વિત્વના अ નો आ કરી न् ઉમેરવો .. आनर्च आनञ्
२. ऋ અને अश् પણ અહીં લેવા. आनर्ध..आनृधिव.. आनशे

**૪) एत्व વિધાન**
१. વ્યંજનથી શરૂ થતા, વ્યંજનાંત, બન્ને બાજુ અસંયુક્ત... આદિ વ્યંજન આદેશભૂત (બદલાતો) ન હોય તેવા ધાતુઓના ઉપાન્ત્ય अ નો ए થાય.

૨. ફક્ત બે णव् પ્રત્યયોમાં અને थव् ની પૂર્વે इ ન લાગ્યો હોય ત્યારે एत्व ન થાય. पपाच पेचिव पेचिम पेचिथ पपक्थ આદિ.. पेचे पेचाते पेचिरे

૩. शस् दद् તથા व થી શરૂ થતા તેમજ ગુણ થયો હોય તેવા ધાતુઓમાં एत्व ન થાય.. शशसिव.. ववले. शशरिव.

૪. तृ त्रप् फल् અને भज् માં एत्व થાય. तेरिव

૫. जृ भ्रम् वम् त्रस् फण् स्यम् स्वन् राज् भ्राज् भ्रास् भ्लास् માં વિકલ્પે

૬. श्रन्थ् ग्रन्थ् માં પણ વિકલ્પે. ત્યારે न् નો પણ લોપ..

**૫) य्वृत् વિધાન**

૧. કર્મણિ પ્રસંગે બતાવેલા यजादि તથા वश् અને वच् ધાતુઓમાં वित् પ્રત્યયોમાં પ્રથમ દ્વિત્વ કરીને દ્વિત્વનું य्वृत् કરવું. અને अवित् પ્રત્યયોમાં પ્રથમ य्वृत् કરવું પછી દ્વિત્વ કરવું. (એટલે કે वित्માં દ્વિત્વ–य्वृत्. अवित्માં य्वृत् – દ્વિત્વ) इयाज ईजिव..

૨. ह्वे ધાતુમાં પહેલેથી દ્વિત્વ કરી દેવું. એટલે हु બની જશે. जुहाव

૩. श्वि ધાતુમાં વિકલ્પે य्वृत् કરવું એટલે. शु અને श्वि માનીને રૂપો થશે..

૪. व्ये માં પ્રથમથી જ य्वृत् કરી દેવું એટલે वि બની જશે.

૫. वे નો વિકલ્પે वय् થાય.. અને ત્યારે य्वृत् થઈને ઉપર મુજબ રૂપો થશે.

उवाय उवय ऊयिव ऊयिम...

वय् ન થાય તો સંધ્યક્ષરનો आ થવાથી वा બનશે.. અને ત્યારે वित् માં य्वृत् થશે જ નહિ અને अवित् માં વિકલ્પે થશે... ववौ ववित-ऊवित

**૬. आम् વિધાન**

૧. ધાતુને અંતે आम् લગાડી कृ. भू. અને अस् નાં પરોક્ષાનાં રૂપો જોડવાથી થાય.. અહીં દ્વિત્વ થતું નથી.. ધાતુ પરસ્મૈ. હોય તો कृ નાં પરસ્મૈ૦ અને આત્મને૦ હોય તો આત્મને૦ નાં રૂપો જોડાય. भू अस् તો બધાને પરસ્મૈ૦ જ જોડાય.

૨. અહીં આવતા ધાતુઓ.. અનેકસ્વરી તમામ.. દશમા ગણના.. પ્રેરકના... ઈચ્છાદર્શકના... યઙન્ત.. યઙ્લુબન્ત.. નામ ધાતુઓ ઈત્યાદિ તથા दय् अय् आस् कास् (આદિ સ્વર ગુરૂ નામિ હોય તે इन्ध् વગેરે... (ऋच्छ् ऊर्णु સિવાયના). जागृ उष् सम् + इन्ध् વિકલ્પે.. भी ह्री भृ અને हु વિકલ્પે (દ્વિત્વ થઈને જોડાય...विद् વિકલ્પે (ગુણ ન થાય)

कथयाञ्चकार दयाञ्चक्रे जागराञ्चकार बिभयाञ्चकार विदाञ्चकार

## કેટલાક વિશેષ નિયમો

- अद् नो धस्, अधि + इ नो अधि + गा. हि नो धि, हन् नो घन् સ્વરાદિ અવિત્ માં हन् નો घ्न થાય. जि નો गि. चि નો વિકલ્પે कि થાય.
- ज्या व्यध् व्यच् અને व्यथ् માં દ્વિરૂક્તિના સ્વરનો इ થાય.. जिज्यौ विव्याय
- गम् हन् जन् खन् અને घस् ના ઉપાન્ત્ય अ અવિત્ પરોક્ષામાં લોપાય.. તે વખતે हन् નો घ्न અને जन् નો ज्ञ થાય... जग्मिव. जघ्निव. जज्ञे..
- भू અને स्वप् નાં રૂપો.. આ પ્રમાણે થાય..

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| बभूव | बभूविव | बभविम | सुष्वाप | सुष्वप | सुषुपिव | सुषुपिम |
| बभूविथ | बभूवथुः | बभूव | सुष्वपिथ | सुष्वप्थ | सुषुपथुः | सुषुप |
| बभूव | बभूवतुः | बभूवुः | सुष्वाप | | सुषुपतुः | सुषुपुः |

- स्कृ ऋच्छ दीर्ध ऋ કારાન્ત, સંયોગ પછી ऋ વાળા ऋ કારાન્ત તથા ऋ ધાતુના નામિ સ્વરનો અવિત્ પરોક્ષામાં ગુણ થાય. सञ्चस्करिव सस्मरिव आरिव.. પણ દિર્ઘ शृ दृ અને पृ નો ऋ વિકલ્પે હ્રસ્વ થાય. शशरिव शश्रिव.

## પરોક્ષ કૃદન્ત

- પરમૈપદમાં वस् (क्वसु...) આત્મનેપદમાં आन (कान) લાગે...
- દ્વિરૂક્તિ વગેરે થયા બાદ એકસ્વરી હોય એવા, घस् અને आ કારાન્ત ધાતઓથી નિત્ય અને गम् हन् विद् ગણ ૪ विश् અને हन् થી વિકલ્પે क्वसु ની પૂર્વ इ ઉમેરાય अद् - आदिवस्, वच् - ऊचिवस्, शक् - शेकिवस्, गम् - जग्मिवस्, जगन्वस्
- ટુંકમાં गमादि ૬ સિવાય દરેક ધાતુઓને व લાગીને જે રૂપ થાય તેને स् લગાડી દેવાથી પરસ્મૈ૦નું પરોક્ષ કૃદન્ત થાય અને બી.પુ.બ.વ.નો अ લાગીને જે રૂપ થયું હોય તેને आन લગાડવાથી આત્મને૦ નું પરોક્ષ કૃદન્ત થાય જેમ કે. चकृवस् चक्राण...

क्वसु અંતવાળાનાં રૂપો..

- અઘુટ્ સ્વરાદિમાં व નો उ અને વ્યંજનાદિમાં स् નો द् કરવો.. विदुषः विद्वभ्दयाम् સ્ત્રીલિંગ विदुषी पेचुषी.

## ૧૦ અદ્યતની

આજનો ભૂતકાળ કે દ્વિધાત્મક ભૂતકાળ બતાવે..

રૂપોની ભિન્નતાના કારણે સાત પ્રકાર પાડવામાં આવ્યા છે...

હ્યસ્તનીની જેમ अ આગમ. પણ સ્વરાદિમાં આદિસ્વરની વૃદ્ધિ થાય..

**૧ લો પ્રકાર** : બધાજ સેટ્ ધાતુઓનાં રૂપો અહીં થાય..

અદ્યતનીનો स्(सिच्) અને સેટ્ નો इ લાગતાં તૈયાર થયેલા પ્રત્યયો...

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| इषम् | इष्व | इष्म | इषि | इष्वहि | इष्महि | |
| 卐 ईः | इष्टम् | इष्ट | इष्ठाः | इषाथाम् | इध्वम् | इड्ढवम् |
| 卐 ईत् | इष्टाम् | इषुः | इष्ट | इषाताम् | इषत | |

卐 स् त् ની પૂર્વે ई (ईत्) ઉમેરાય. અને स् (सिच्) લોપાય..

પરસ્મૈપદમાં ૧) ધાતુના અન્ત્ય નામિ સ્વરની વૃદ્ધિ. अयाविषम्

૨) ઉપાન્ત્ય अ ની વિકલ્પે વૃદ્ધિ. अपाठिषम् अपठिषम्

૩) वद् व्रज् ल् અને र् અંતવાળામાં નક્કી વૃદ્ધિ. अवादीत्

૪) श्वि जागृ श्वस् क्षण् ह् म् અને य् અંતવાળા તથા ए ઈત્વાળા (कग् रग् लग् कख् हस्) વગેરે માં વૃદ્ધિ થાય જ નહિ. अश्वयीत्

આત્મનેપદમાં ૧) तनादि થી त અને थास् પૂર્વે स्. इ અને ધાતુનો અંત્ય વ્યંજન વિકલ્પે લોપાય. अतत. अतनिष्ट, अतथाः अतनिष्ठाः

૨) दीप् जन् बुध्-૪ पुर् ताय् અને प्याय् થી ૩ પુ. એ.વ. વિકલ્પે इ (ञिच्) લાગે. अदीपि, अदीपिष्ट.

**૨ જો પ્રકાર** અનિટ્ ધાતુઓનાં રૂપો અહીં થશે.. सिच् ની પૂર્વે इ નહિ થાય.. सिच् સાથે તૈયાર થયેલા પ્રત્યયો..

| | | | | | |
|---|---|---|---|---|---|
| सम् | स्व | स्म | सि | स्वहि | स्महि |
| सीः | 卐 स्तम् | स्त | 卐 स्थाः | साथाम् | स्ध्वम् ध्वम् |
| सीत् | 卐 स्ताम् | सुः | 卐 स्त | साताम् | सन्त |

卐 ધુટ્ કે હ્રસ્વ સ્વર પછી स् લોપાય.. अपाक्तम्

- **પરસ્મૈપદમાં** સમાન સ્વરની વૃદ્ધિ.(સમાન સ્વર અંત્યમાં હોય, ઉપાન્ત્યમાં હોય કે તેથી પણ આગળ હોય.) अनैषम् अभैत्सम्, अराङ्क्षम्...
- **આત્મનપદમાં** ફક્ત અંત્ય इ વર્ણ उ વર્ણનો જ ગુણ થાય. બાકી ક્યાંય પણ ગુણ ન થાય.. अकृषि, अनेषि

२. गम् हन् અને उप + यम् નો અંત્ય વ્યંજન વિકલ્પે લોપાય.. समगत समगंस्त
३. स्था અને दा સંજ્ઞકના आ નો इ થાય. उपास्थित आदित
४. अधि + इ નો વિકલ્પે गी થાય. अध्यगीष्ट अध्यैष्ट
५. पद् ધાતુથીને स्त ને બદલે इ(ञिच्) લાગે. उदपादि
६. वृ તથા ॠ કારાન્ત ધાતુઓ સેટ્ હોવા છતાં इ (इट्) વિકલ્પે લાગે.... अवृषि अवरिषि

- हन् નો પરસ્મૈપદમાં નક્કી અને આત્મને·માં વિકલ્પે वध् થાય અને તે સેટ્ બને. રૂપો ૧ લા પ્રકારમાં થાય. अवधिषम् अवधिषि
- अञ् વેટ્ હોવા છતાં અદ્યતનીમાં સેટ્ બને. आञ्जीत्
- धू વેટ્ હોવા છતાં પરસ્મૈમાં સેટ્ બને. अधावीत्
- सु स्तु અનિટ્ હોવા છતાં અદ્યતનીમાં પરસ્મૈ૦માં સેટ્ બને. असावीत्

## ૩ જો પ્રકાર

— ह्-शिडन्त અનિટ્ ધાતુઓનો... स (सक्) પ્રત્યય.. कित्.. ગુણ નહિ.

- અનિટ્ કારિકામાં બતાવેલા. श् ष् અને ह् અંતવાળા ૨૬ ધાતુઓનો આ પ્રકાર છે. (दृश् સિવાય ) स्पृश-मृश् कृष् વિકલ્પે..
- તૈયાર થયેલા પ્રત્યયો આ પ્રમાણે છે...

| | | | | | |
|---|---|---|---|---|---|
| सम् | साव | साम | सि | सावाहि | सामहि |
| सः | सतम् | सत | सथाः | साथाम् | सध्वम् |
| सत् | सताम् | सन् | सत | साताम् | सन्त |

- श् નો ष् થઈને क् થશે. ष् નો क् થશે. અને ह् નો ढ् કે घ् થઈને क् થશે. सक् ના स સાથે બધે क्ष् થઈ જશે...
- दुह् दिह् लिह् गुह् (વેટ્) ધાતુઓથી. वहि, थाः, ध्वम् અને त એ ૪ પ્રત્યયોમાં स (सक्)નો વિકલ્પે લોપ થાય.. अदुह्वहि अधुक्षावहि..

## ૪ જો પ્રકાર

અનિટ્ ધાતુઓ... પરસ્મૈપદ જ.. स् (सिच्)...

- आ કારાન્ત તથા यम् रम् नम् ધાતુઓ જ આ પ્રકારમાં આવે...
- ધાતુને અંતે स्+इ = सि ઉમેરાય.. તેથી પ્રત્યયો આ પ્રમાણે તૈયાર થશે.. सिषम् सिष्व सिष्म, सीः सिष्टम् सिष्ट, सीत् सिष्टाम् सिषुः अपासिषम्, अनंसिषम्

### ૫ મો પ્રકાર –

અનિટ્ ધાતુઓ..પરસ્મૈપદનો જ.. (सिच्) લોપ.. મૂળ પ્રત્યયો જ..

- इ જવું इ સ્મરણ કરવું. નો અદ્યતનીમાં गा થાય છે. આ गा, पा (પિવું) स्था दा સંજ્ઞક તથા भू નિત્ય. धे (ट्धे) घ्रा शा छा અને सा વિકલ્પે આ પ્રકારમાં આવે

### ૬ ઠ્ઠો પ્રકાર –

કર્તરિ પ્રયોગનો જ.. अ (अङ्) પ્રત્યય. ङित्.. ગુણ નહિ..મૂળ પ્રત્યયો..

૧. शास्.अस् ગ. ૪ वच् ख्या.. हवे लिप् सिच् આત્મનેપદમાં વિકલ્પે પરસ્મૈ માં નિત્ય..सृ ऋ વિકલ્પે.. गमादि, द्युतादि, पुष्यादि. श्वि, स्तम्भ्, म्रूच्, म्लुच्, ग्रुच्, ग्लूच्, ग्लुञ्च, जृ (દીર્ઘ) વિકલ્પે तृप्, दृप् रुधादि વિકલ્પે આ પ્રકારમાં આવે...

૨. दृश् તથા ऋ વર્ણાન્ત ધાતુઓમાં ગુણ થશે.. अदर्शम् अजरम्

૩. કેટલાકમાં આદેશ થાય.. श्वि. નો श्व. अस् નો अस्थ. वच् નો वोच्. पत् નો पप्त, शास् નો शिष्, नश् નો વિકલ્પે नेश्, अश्वत् आस्थत्...

गमादि - गम् पत् सृप् शक् मुच् आप् વગેરે..

द्युतादि - द्युत् रुच् शुभ् भ्रंश् स्रंस् ध्वंस वृत् शृध् कृप् ઈત્યાદિ

रुधादि - रुध् भिद् दृश् बुध् ગ. ૧. ઈત્યાદિ

पुष्यादि - पुष् उच् लुट् स्विद् क्लिद् मिद्, शुध् क्रुध्. सिध् गृध्
तृप् दृप् कृप् लुप् लुभ् क्षुभ् शम् दम् तम्
श्रम् भ्रम् क्षम् मद् क्लम् नश् भ्रंश् शुष् दुष् श्लिष्
प्लुष् तृष् तुष् रुष् हृष् अस् मुह द्रुह् स्नुह् स्निह् ઈત્યાદિ

### ૭ મો પ્રકાર –

કર્તરિ પ્રયોગનો ... अ (ङ) પ્રત્યય.. ङित्... ગુણ થશે નહિ...

૧. णिजन्त णिगन्त श्रि द्रु स्रु कम् નિત્ય... धे (ट्धे)
વિકલ્પે. આ પ્રકારમાં આવે.

૨. આ પ્રકારમાં ધાતુઓ બેવડાય..

૩. णिजन्त णिगन्त નાં રૂપો પ્રેરક વિભાગમાં બતાવાશે.
श्वि ૧-૬-૭ પ્રકારમાં ट्धे ૭-૫-૪, वेट् ધાતુઓ ૧-૨ પ્રકારમાં આવશે...

કર્મણિ – આત્મેનપદ કરવાથી થશે. ફક્ત ૩ પુ. એ. વ. માં सिच् ને બદલે इ(ञिच्) લાગે અને सिच् નો લોપ થાય. अकारि अभावि अपाचि વગેરે... શ્વસ્તની ભવિષ્યન્તી પ્રસંગે બતાવેલા નિયમો ધ્યાનમાં લેવા.. પ્રકાર ૧–૨ અને ૩ માં જ કર્મણિ રૂપો થશે. બાકીના પ્રકારોમાંના ધાતુઓ યથાયોગ્ય ૧–૨–૩ પ્રકારમાં વિચારી લેવા...

## ૧૧. આશી :

| | | | | | |
|---|---|---|---|---|---|
| क्यासम् | क्यास्व | क्यास्म | सीय | सीवहि | सीमहि |
| क्याः | क्यास्तम् | क्यास्त | सीष्ठाः | सीयास्थाम् | सीध्वम् |
| क्यात् | क्यास्ताम् | क्यासुः | सीष्ट | सीयास्ताम् | सीरन् |

❐ પરસ્મૈ ના પ્રત્યયોમાં क् ઈત્ છે રૂપો કરતી વખતે क् કાઢીને यासम् यास्व વગેરે લગાડવા.

❐ પરસ્મૈના પ્રત્યયો क् ઈત્ વળા હોવાથી ૪ કાળના કર્મણિ य (क्य) પ્રસંગે બતાવેલા બધા જ નિયમો અહીં લાગુ પડશે... અપવાદ गा. पा (પીવું) स्था. सा.दा. સંજ્ઞક અને हा માં ई ને બદલે ए કરવો... गेयासम् વગેરે...

❐ ख्या ध्या म्ला જેવા સંયુક્ત વ્યંજન પછી आ હોય તેવા ધાતુઓમાં વિકલ્પે ए થાય.

रव्येयासम् रव्यायासम् વગેરે..

❐ हन् નો वध् થાય वध्यासम्

❐ **આત્મનેપદમાં स** કારાદિ પ્રત્યયો હોવાથી સેટ્ અનિટ્ વેટ્, વ્યંજનાંતના વિશેષ નિયમો, વ્યંજનસંધિ વગેરે ધ્યાનમાં રાખવું...

❐ અદ્યતની ૨ જા પ્રકારની જેમ અંત્ય इ વર્ણ उ વર્ણ નો જ ગુણ થાય બાકી ક્યાંય ગુણ ન થાય...

❐ કર્મણિ ભાવે આત્મનેપદ કરવાથી થશે શ્વસ્તની પ્રસંગના નિયમો ધ્યાનમાં રાખવા...

આ રીતે ૧૦ ગણનાં દશ કાળનાં રૂપો અંગેની વકતવ્યતા પૂર્ણ થાય છે. સંક્ષેપમાં બતાવેલી આ બધી બાબતો ધ્યાનમાં રાખી દરેક ગણના ૫.૫. ધાતુઓનાં રૂપો બોલવાં લખવાં...

## ૧૨ સન્નન્ત ઈચ્છાદર્શક

૧. તે તે ક્રિયા કરવાને ઈચ્છવું એવા અર્થમાં થાય.. ખાવાને ઈચ્છવું. ભણવાને ઈચ્છવું...
૨. દશેય ગણના તમામ ધાતુઓનું ઈચ્છાદર્શક થાય...
૩. ઈચ્છાદર્શકમાં ધાતુનું અંગ બનાવવું જ મહત્વનું છે. ધાતુ પરથી નવો જ ધાતુ તૈયાર થશે.
૪. તૈયાર થયેલા ધાતુઓનાં રૂપો દશેય કાળમાં થાય.
૫. અહીં તૈયાર થતા ધાતુઓ બધા અનેકસ્વરી બનશે. તેથી તમામ ધાતુઓ સેટ્ ગણાશે..
૬. અનિટ્ ધાતુઓનું અંગ પણ સેટ્ ગણાશે...
૭. આથી શ્વ. ભવિ. ક્રિયા૦માં इ લાગીને રૂપો થશે.. પરોક્ષામાં आम् વિધાન થશે. અદ્ય૦માં ૧ લા પ્રકારમાં થશે. આશીઃ તો સરળ છે.
૮. ધાતુઓનું પદ મૂળ ધાતુનું હશે તે જ ગણાશે...
૯. ચાર કાળમાં વિકરણ अ (शव्) લાગશે...
૧૦. દ્વિરુક્તિના નિયમો ધ્યાનમાં રાખવા.
૧૧. તેનાં કર્મણિ રૂપો.. વર્તમાન કૃદન્ત હેત્વર્થાદિ કૃદન્તો થશે.

## સન્નન્ત ધાતુ બનાવવાની રીત :

૧. ધાતુને स (सन्) લગાડવો.. भण् + स्
૨. સેટ્ હોય તો इ લગાડવો, વેટ્ હોય તો વિકલ્પે લગાડવો..भण् + इ + स्
૩. વ્યંજનાદિ ધાતુઓનો એક સ્વરી પ્રથમ અંશ દ્વિત્વ થાય.. बभण् + इ + स्
૪. સ્વરાદિ ધાતુઓનો એક સ્વરી દ્વિતીય અંશ દ્વિત્વ થાય.. अर्चिचि + स्
૫. દ્વિરૂક્તિના अ નો इ થાય. बभण् + इ + स् + अ + ति = बिभणिषति ।
૬. દ્વિરૂક્તિમાં જો उ હોય અને તેની પછી अ કે आ અંતવાળા ज् અંતસ્થા કે प् વર્ગનો અક્ષર આવ્યો હોય તો उ નો इ થાય. यु यु इ स् युयविष् = यियविषति

## सन् પૂર્વે इट् અંગેના કેટલાક અપવાદો

- दिव् सिव् વગરે इव् અંતવાળા, दीर्घ ऋ કારાન્ત, ऋध् भ्रस्ज् दम्भ् श्रि यु ऊर्णु भृ ज्ञपि (ણિગન્ત ज्ञा) सन् तन् पत् वृ અને दरिद्रा ने इट् વિકલ્પે લાગે... दिव् – दूद्युषति दिदेविषति.
- ऋ स्मि पू ગ. ૧.આ.) अञ् अश् (ગ. ૫.) कृ गृ दृ धृ (ગ. ૬. આ.) प्रच्छ् इट् નિત્ય લાગે... अरिरिषति पिपृच्छिषति
- उ કે ऊ કારાન્ત, ग्रह् અને गुह् ને इट् લાગે જ નહિ. तुष्टूषति बुभूषति जिघृक्षत्ति

## सन् पूर्वे इट् न लाग्यो होय तो

१. नाम्यन्त अने नामि उपान्त्य धातुओथी सन् कित् थई जाय. निनीषति

२. स्वरान्त धातुओनो स्वर दीर्घ थाय. तुष्टूषति

३. हन् तथा गम् (गमु) मां स्वर दीर्घ थाय. जिघांसति.

४. तन् मां विकल्पे दीर्घ थाय. तितांसति तितंसति

५. ज्ञपि नो ज्ञीप्, आप् नो ईप्, ऋध् नो ईर्त्. दम्भ् नो धिप्, धीप् आदेश थाय. ज्ञीप्सति ईप्सति...

६. अकर्मक मुच् नो विकल्पे मोक् थाय.. मोक्षति

७. मि मी. मा. दा संज्ञकना स्वरनो इत् थाय. मित्सति..

८. रभ् लभ् शक् पत् अने पद् ना स्वर नो इ थाय. पित्सति रिप्सते.

५ थी ७ सुधीना नियमोमां द्विरुक्ति थाय नहि..

- द्वित्व थाय बाद हि नो घि, हन् नो घन्, जि नो गि, चि नो विकल्पे कि थशे.
- वृत् पंचक उभयपदी बने. विवर्त्तिषति, ते
- स्मृ अने दृश् आत्मनेपद बने. सुस्मूर्षते दिदृक्षते
- रूद् विद् मुष् ग्रह स्वप् प्रच्छ् = ६ आ छए धातुओमां सन् पूर्वे इ लागवा छतां सन् कितवत् थाय.. रुरुदिषति. त्वा पण. रुदित्वा.
- सन्नन्त धातुओने अंते उ लागवाथी पुंलिंग अने आ लागवाथी स्त्रीलिंग शब्दो बने.. पिपासु - पिपासा, जिज्ञासु – जिज्ञासा

## १३. णिगन्त (प्रेरक)

- बीजा पासे क्रिया करावववी एवा अर्थमां प्रेरक णिगन्त थाय.. भणवुं – भणाववुं. खावुं – खवराववुं वगेरे..
- अहीं तमाम धातुओ उभयपदी बनशे..
- ईच्छादर्शकनी जेम अहीं पण मूळ धातु उपरथी नवो धातु बनाववानो छे.
- ४ काळमां अ (शव्) लागशे. बाकीना काळोमां अनेकस्वरी होवाथी सेट् मानीने रुपो थशे. परोक्षामां आम् विधान थशे.
- कर्मणि रुपो तथा कृदन्तो वगेरे बनी शकशे...

## णिगन्त ધાતુ બનાવવાની રીત :

૧. મૂળ ધાતુ કોઈપણ ગણનો હોય. તેને इ (णिग्) લાગે.. पद् + इ

૨. णिग् માં ण् ઈત્ હોવાથી વૃદ્ધિ તેમજ ગુણ થઈ શકશે. पाठयति

## णिग् લાગતાં થતા ફેરફાર :

૧. घटादि નો સ્વર હ્રસ્વ થાય.. घटयति (घट् व्यथ् प्रथ् त्वर् हेद् लग् नट् मद् ज्वर्). कग् वन् जन् जॄ (ગ. ૪.) क्नस् અને रञ् માં પણ હ્રસ્વ થાય.

૨. कम् अम् चम् આ ૩ अमन्त નો સ્વર દીર્ઘ થાય બાકીના अमन्त દીર્ઘ ન થાય. कामयति.. शमयति गमयति नमयति

૩. ऋ री ह्री અને आ કારાન્તમાં प् આગમ થાય. अर्पयति दापयति

૪. पा (પીવું) शो छो सो वे व्ये हवे માં य् આગમ થાય.. पाययति

૫. पा (રક્ષણ કરવું) માં ल् આગમ થાય. पालयति

૬. रूह् ના ह् નો વિકલ્પે प् થાય. रोहयति रोपयति

૭. क्री जि અને अधि + इ (ભણવું) ના સ્વરનો आ થાય. क्रापयति जापयति अध्यापयति

૮. रभ - लभ् માં અનુસ્વાર ઉમેરાય. रंभयति लंभयति

૯. हन् નો घात् થાય. घातयति

## પ્રેરક વાક્યરચના :

૧. જો પ્રેરક કર્તા બીજો આવ્યો હોય તો મૂળ વાક્યના કર્તાને તૃતીયા મૂકવી. પાંચ પ્રકારના ધાતુઓમાં દ્વિતીયા પણ થાય.

૨. नी સિવાયના ગત્યર્થક खाद् अद् સિવાયના આહારાર્થક हवे शब्दाय् અને क्रन्द् સિવાયના શબ્દકર્મક, બોધાર્થક અને નિત્ય અકર્મક ધાતુઓનો મૂળ કર્તા કર્મ થાય..

૩. हृ અને कृ ધાતુઓમાં તથા કર્મ ન મૂક્યું હોય તેવા સકર્મક ધાતુઓનો મૂળ કર્તા વિકલ્પે કર્મ બને...

૪. કર્મણિ પ્રયોગમાં ગત્યર્થક અને સકર્મક ધાતુઓનું પ્રધાન કર્મ... બોધાર્થ આહારાર્થ અને શબ્દ કર્મકનું કોઈપણ કર્મ પ્રથમામાં આવે...

## પ્રેરક – અદ્યતન અ (ङ) પ્રત્યય

અદ્યતની સાતમા પ્રકારમાં દશમા ગણનાં તથા પ્રેરકનાં રૂપો બતાવવાનાં બાકી હતાં તે અહીં બતાવાય છે. એકદમ સરળ પદ્ધતિ બતાવાય છે.

સૌ પ્રથમ ૧૦મા ગણનું કે પ્રેરકનું અંગ લો... भू.. भावि + अ

૧. णिच् કે णिग् નો લોપ કરો. भाव् + अ

૨. ઉપાન્ત્ય સ્વર હ્રસ્વ કરો. भव् + अ

૩. દ્વિરૂક્તિના નિયમાનુસાર દ્વિત્વ કરો. बभव् + अ

૪. પરમાં લઘુ હોય તો દ્વિત્વના अ નો इ થાય. बिभव् + अ

૫. દ્વિત્વ પોતે લઘુ હોય પરમાં લઘુ હોય તો દ્વિત્વ સ્વર દીર્ઘ થાય. बिभव् + अ + त् = अबीभवत्
મોટા ભાગના ધાતુઓમાં આ પાંચ નિયમોથી પ્રેરક અદ્યતન બની જશે. કેટલાક અપવાદો છે જે આ પ્રમાણે...

- સ્વરાદિ ધાતુઓમાં ૧-૨-૩ નિયમો જ લાગે. अटिटिषति
- शास् ओण् याच् लोक् ढौक् વગેરેમાં ૨ જો નિયમ ન લાગે (ફક્ત ૧-૩ લાગે)
- स्मृ दृ त्वर् प्रथ् म्रद् स्तृ અને स्पश् ૧-૨-૩ જ લાગે. असस्मरत्
- वेष्ट् चेष्ट માં દ્વિત્વનાં સ્વરનો વિકલ્પે अ થાય. अववेष्टत् अविवेष्टत्
- गण् માં દ્વિત્વ સ્વરનો अ અને ई થાય. अजगणत् अजीगणत्
- भ्राज् भास् भाष् दीप् पीड् जीव् मील् कण् रण् वण् भण् श्रण् हवे हेठ् लुट् लुप् અને लप् માં સ્વર વિકલ્પે હ્રસ્વ થાય. अबभ्राजत् अबिभ्रजत्
- ઉપાન્ત્ય ऋ વર્ણનો વિકલ્પે ऋ થાય. नृत् अनिनर्तत् अनीनृतत्
- घ्रा નો घ्रिप् અને घ्रप्. स्था નો ष्ठिप्. स्वप् નો सुप्, हवे નો हु, श्वि નો વિકલ્પે शु બનાવી દ્વિરૂક્તિ આદિ કાર્ય કરવું. अजिघ्रिपत् अजिघ्रपत्
- पा નો पीप्य કરી દ્વિત્વાદિ કોઈ કાર્ય ન કરવું. अपीप्यत्..

***સર્વ ધાતુઓનાં સર્વ પ્રકારનાં રૂપો પૂર્ણ થાય છે.***

## ૧૪. શબ્દોનાં વિશિષ્ટ રૂપો –

- ए ए ओ औ અંતવાળા શબ્દો પણ હોય છે, જેનાં રૂપો આ પ્રમાણે –
- ए કારાન્ત શબ્દોના ए નો સ્વરાદિ પ્રત્યયોમાં अय्.
- ऐ કારાન્ત શબ્દોના ऐ નો સ્વરાદિ પ્રત્યયોમાં आय्.

| | | |
|---|---|---|
| रैः | रायौ | रायः |
| रायम् | रायौ | रायः |
| राया | राभ्याम् | राभिः ઈત્યાદિ |

- ओ કારાન્ત શબ્દોના ओ નો ઘુટ્ પ્રત્યયોમાં औ બનાવી आव्, अम् अस् સાથે आ

| | | |
|---|---|---|
| गौः | गावौ | गावः |
| गाम् | गावौ | गाः |
| गवा | गोभ्याम् | गोभिः ઈત્યાદિ |

- औ કારાન્ત શબ્દોના औ નો સ્વરાદિ પ્રત્યયોમાં आव्

| | | |
|---|---|---|
| नौः | नावौ | नावः |
| नावम् | नावौ | नावः |
| नावा | नौभ्याम् | नौभिः ઈત્યાદિ |

- सखि - ૧. स् નો आ (डा)
  ૨. શેષ ઘુટ્ માં सखि ના इ નો ऐ
  ૩. તૃતીયાદિ એ.વ. આ ए उर् ऊर् औ
  ૪. સમાસાન્ત सखि શબ્દમાં પહેલા બે ફેરફાર થાય બાકીના ન થાય...
- पति તૃતીયાથી सखि મુજબ શરૂઆતનાં मुनि પ્રમાણે. સમાસાન્ત હોય તો બધાં જ मुनि પ્રમાણે..

| | | |
|---|---|---|
| सखा | सखायौ | सखायः |
| सखायम् | सखायौ | सखीन् |
| सख्या | सखिभ्याम् | सखिभिः |
| सख्युः | सखिभ्याम | सखिभ्यः |
| सख्युः | सख्योः | सखीनाम् |
| सख्यौ | सख्योः | सखिषु |
| सखे! | सखायौ | सखायः |

- दधि अस्थि सक्थि અને अक्षि
  આ ચારેય નપું. નામોનાં તૃતીયા થી સ્વરાદિ પ્રત્યયોમાં इ નો अन् થાય એટલેકે दधन्, अस्थन् વગેરે अन् અંતવાળા થાય.
  રૂપો नामन् મુજબ.

| | | |
|---|---|---|
| दधि | दधिनी | दधीनि પ્ર દ્વિ. |
| दध्ना | दधिभ्याम् | दधिभिः |
| ઈત્યાદિ | | |

| | | | | |
|---|---|---|---|---|
| – स्त्री - સ્વરાદિ પ્રત્યયોમાં ई नो इय्. | स्त्री | स्त्रियौ | स्त्रियः | |
| अम् अस् દ્વિ. બ. વ. માં વિકલ્પે | स्त्रियम् | स्त्रियौ | स्त्रियः | |
| अवी लक्ष्मी तरी तन्त्री જેવા | स्त्रीम् | स्त्रियौ | स्त्रीः | |
| મૂળ સ્ત્રીલિંગ શબ્દોમાં स् લોપાય નહિ. | स्त्रिया | स्त्रीभ्याम | स्त्रीभिः ઈત્યાદિ | |
| अवीः लक्ष्मीः ઈત્યાદિ. | लक्ष्मीः | लक्ष्म्यौ | लक्ष्म्यः શેષ્ નદીવત્ | |
| – क्रोटु શેષ ઘુટ્‌માં क्रोष्टृ. | क्रोष्टा | क्रोष्टारौ | क्रोष्टारः | |
| તૃતીયા થી સ્વરાદિમાં વિકલ્પે. | क्रोष्टारम् | क्रोष्टारौ | क्रोष्टून् | |
| સ્ત્રીલિંગમાં क्रोष्ट्री. | क्रोष्ट्रा, क्रोष्टुना | क्रोष्टुभ्याम् | क्रोष्टुभिः | |
| – श्वन् युवन् मघवन् - | श्वा | श्वानौ | श्वानः | |
| ई (ङी) અને અઘુટ્ સ્વરાદિમાં | श्वानम् | श्वानौ | शूनः | |
| व् નો उ | शुना | श्वभ्याम् | श्वभिः ઈત્યાદિ | |
| | युवन् | यूनः | यूना | यूने ઈત્યાદિ |
| | मघवन् | मघोनः | मघोना | मघोने ઈત્યાદિ |
| – पूषन्, अर्यमन् | पूषा | पूषणौ | पूषणः | |
| પ્રથમા એ.વ. જ દીર્ઘ | पूषणम् | पूषणौ | पूष्णः ઈત્યાદિ | |
| – अहन् - પદાન્તે न् નો र् | अहः | अह्नी अहनी अहानि પ્ર. દ્વિ. સં. | | |
| | अह्ना | अहोभ्याम् | अहोभिः ઈત્યાદિ | |
| – पथिन् मथिन् ऋभुक्षिन् | पन्थाः | पन्थानौ | पन्थानः | |
| ૧. પ્રથમા એ.વ.માં न् નો आ. | पन्थानम् | पन्थानौ | पथः | |
| ૨. ઘુટ્ માં इ નો आ, थ નો न्थ | पथा | पथिभ्याम् | पथिभिः | |
| ૩. ई (ङी), સ્વરાદિ અઘુટ્‌માં इन् લોપ | पथे | पथिभ्याम् | पथिभ्यः દત્યાદિ | |
| – अप् - ૧. બ.વ.માં વપરાય | आपः अपः अद्भिः अभ्द्यः | | | |
| ૨. પ્ર. બ. માં अ નો आ | अपाम् | अप्सु | | |
| ૩. भिस् भ्यस् માં प् નો द् | | | | |
| – दिव्- स् લાગતાં व् નો औ | द्यौः | दिवौ | दिवः | |
| અને પદાન્તે उ | दिवम् | दिवौ | दिवः | |
| | दिवा | द्युभ्याम् | द्युभिः ઈત્યાદિ | |

| | |
|---|---|
| - उशनस् | उशना उशनसौ उशनसः |
| ૧. स् નો आ (डा) | શેષ चन्द्रमस् જેવા.. |
| ૨. સંબોધનમાં उशनस् ના स् નો | સં. उशनन्, उशनः, उशन |
| વિકલ્પે न् અને લોપ | उशनसौ उशनसः |
| - पुरूदंसस् अनेहस् | पुरुदंसा पुरूदेससौ पुरूदंशसः ઈત્યાદિ |
| स् નો आ (डा) | अनेहा अनेहसौ अनेहसः ઈત્યાદિ |
| - पुंस्- ૧. શેષ ઘુટ્માં पुमन्स् | पुमान् पुमांसौ पुमांसौ |
| ૨. વ્યંજનાદિમાં स् નો લોપ | पुमांसम् पुमांसौ पुंसः |
| | पुंसा पुंभ्याम् पुंभिः ઈત્યાદિ |
| - अनडुह- | |
